**આજનો સુવિચાર**

જરૂરી નથી કે બધા લોકો આપણને સમજી શકે, કેમકે ત્રાજવું ફક્ત વજન બતાવે છે ગુણવત્તા નહી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૪ જૂનાગઢ તા.૦૯-૦૮-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 204, Junagadh : Date : 09 August, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# દેશનું ગૌરવ નીરજ ચોપરાએ સિલ્વર મેડલ જીત્યો

## પાકિસ્તાનના અરશદ નદીમે ૯૨.૯૭ મીટર ભાલો ફેંકીને ગોલ્ડ મેડલ જીતવા સાથે સનસનાટી મચાવી દીધી : ડોપલર ટેસ્ટ કરાવવા સોશિયલ મિડીયામાં માંગણી



પેરિસ તા.૯

ભારતીય જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો છે. ૨૬ વર્ષના નીરજે બીજા પ્રયાસમાં સિઝનનો સર્વશ્રેષ્ઠ ૮૯.૪૫નો સ્કોર કર્યો. તેણે સિઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું.

જ્યારે પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ૯૨.૯૭ મીટર થ્રો ફેંક્યો હતો. અશરફ નદીમે ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો છે. અરશદે ૬ માંથી ૨ થ્રો ૯૦ મીટરથી વધુ ફેંક્યા. ગ્રેનાડાના એન્ડરસન પીટર્સ (૮૮.૫૪ મીટર)ને બ્રોન્ઝ મળ્યો.

નીરજ ચોપડા સતત બે ઓલિમ્પિકમાં મેડલ જીતનાર ત્રીજો ભારતીય ખેલાડી બન્યો. નીરજ પહેલા રેસલર સુશીલ કુમાર અને બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ સતત બે ઓલિમ્પિકમાં મેડલ જીતી ચૂક્યા છે.

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભાલા ફેંકની ફાઈનલ બાદ મોટી માહિતી સામે આવી છે. પાકિસ્તાનના ભાલા ફેંક અરશદ નદીમે ૯૨.૯૭ મીટર ફેંકીને સનસનાટી મચાવી હતી. તેણે ટોક્યો ઓલિમ્પિકના ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપરાને હરાવ્યો હતો પરંતુ હવે તેના પર છેતરપિંડીનો આરોપ લાગી રહ્યો છે. સોશિયલ મીડિયા પર અરશદ નદીમના ડોપ ટેસ્ટની માંગ ઝડપથી ઉઠી રહી છે.

જેવેલીન ફાઈનલ બાદ એવી માંગ ઉઠી રહી છે કે પાકિસ્તાનના અરશદ નદીમનો ડોપ ટેસ્ટ કરાવવો જોઈએ. અરશદ પર પેરિસ ઓલિમ્પિકમાં છેતરપિંડીનો આરોપ છે. તેના ગોલ્ડ મેડલ જીત્યા બાદ હોબાળો વધી ગયો છે.

## અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પાંચ કિમી લાંબો ટ્રાફિક જામ




વડોદરા તા.૯

વડોદરા શહેર નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈ-વે પર જાંબુવા બ્રિજના રોડ પર ખાડા પડી જતા આજે વહેલી સવારથી પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. છેલ્લા ચાર દિવસથી રોજ સવારે અને સાંજે આ પ્રકારનો ટ્રાફિક જામ સર્જાય છે, જેને કારણે વાહનચાલકો માટે પરેશાન છે. તે સાથે જ આસપાસની સોસાયટીના લોકોને પણ ટ્રાફિકના કારણે અવરજવર કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. રોજેરોજના માથાના દુખાવા સમાન ટ્રાફિકની સમસ્યાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા પાસે નેશનલ હાઈવે પર સવાર-સવારમાં પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાતા મોટી સંખ્યામાં વાહનચાલકો અટવાયા હતાં. જાંબુવા બ્રિજથી કપુરાઈ બ્રિજ સુધી ટ્રાફિકજામ થતા લોકો કલાકો સુધી ફસાઈ ગયા હતા. અહીં દર વખતે ચોમાસામાં વાહનચાલકો પરેશાન થાય છે અને ટ્રાફિક જામમાં ફસાઈ જાય છે. પરંતુ ટ્રાફિક જામના કારણે કોઈ સમયસર પહોંચી શકતું નથી. અમદાવાદથી સુરત તરફ જઈ રહેલા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. વાહનોની વણજાર લાગતા લોકો પરેશાન થઈ જતા આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે.

### ૧૭ મહિનાના જેલવાસનો અંત

# દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને સુપ્રિમ કોર્ટે જામીન આપ્યા



નવી દિલ્હી તા.૯

સુપ્રીમ કોર્ટે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને દારૂ કૌભાંડમાં આજે જામીન આપી દીધા છે. સિસોદિયાએ ૧૦ લાખના બોન્ડ ભરવાના રહેશે. તે ૧૭ મહિનાથી તિહાર જેલમાં બંધ હતા. સિસોદીયા આજે જેલમાંથી બહાર આવશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કેસમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ સાક્ષીઓ અને હજારો દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં કેસનો અંત આવે તેવી કોઈ શક્યતા નથી. આવી સ્થિતિમાં સિસોદિયાને કસ્ટડીમાં રાખવા તેમના સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે.

સુપ્રિમ કોર્ટે કહ્યું કે, હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટ જામીનના મામલે સુરક્ષિત રમી રહી છે. સજા તરીકે જામીન નકારી શકાય નહીં. હવે સમય આવી ગયો છે કે અદાલતો સમજે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે.

સુપ્રીમ કોર્ટે સિસોદિયાને ત્રણ શરતો પર જામીન આપ્યા છે. પહેલી એ કે તેમણે ૧૦ લાખ રૂપિયાના બોન્ડ ભરવાના રહેશે. આ સિવાય તેઓએ બે જામીન રજૂ કરવાના રહેશે. જ્યારે ત્રીજી શરત એ છે કે પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરશે.

CBIએ ગત વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ સિસોદિયાની ધરપકડ કરી હતી. આ પછી EDએ મની લોન્ડરિંગ કેસમાં ૯ માર્ચે સીયોદીયાની ફરી ધરપકડ કરી. સીબીઆઈ અને ઈડી બંને કેસમાં સિસોદિયાને જામીન મળ્યા છે.

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથની બેંચે સિસોદિયાના જામીન પર ચુકાદો આપ્યો છે. બેન્ચે ત્રણ દિવસ પહેલા ૬ ઓગસ્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

આ પહેલા ૧૧ જુલાઈએ સિસોદિયાની જામીન રિવ્યુ પિટિશન પર સુનાવણી પહેલા જસ્ટિસ સંજય કુમારે પોતાને બેંચમાંથી અલગ કરી લીધા હતા, ત્યાર બાદ સુનાવણી સ્થગિત કરવામાં આવી હતી.

સિસોદિયાએ જામીન અરજી નામંજૂર કરવાના દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સિસોદિયાએ પોતાની અરજીમાં કહ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩થી તેમની સામેના કેસમાં કોઈ પ્રગતિ થઈ નથી.

સિસોદિયાને જામીન મળ્યા બાદ AAP સાંસદ સંજય સિંહે કહ્યું-આ સત્યની જીત છે. મેં અગાઉ કહ્યું તેમ, આ કેસમાં કોઈ પુરાવા નથી. અમારા નેતાઓને બળજબરીથી જેલમાં ધકેલી દેવામાં આવ્યા.

સંજય સિંહે કહ્યું- મનીષ સિસોદિયાને ૧૭ મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું કે અમને ન્યાય મળ્યો અને નિર્ણય AAPની તરફેણમાં આવ્યો. દરેક કાર્યકર ઉત્સાહિત છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે અરવિંદ કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈન પણ જલ્દી જેલમાંથી બહાર આવે. આ કેન્દ્ર સરકારની સરમુખત્યારશાહી પર થપ્પડ છે.

# કોંગ્રેસના તમામ ૯૯ સાંસદોને ગેરલાયક ઠરાવવા અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી

નવી દિલ્હી, તા. ૯

લોકસભા ચૂંટણીમાં સરકાર બને તો દર મહિને સાડા આઠ હજાર રૂપિયા આપવાનો કોંગ્રેસ પાર્ટીનો વાયદો હવે કાયદાની કસોટી પર ચકાસાશે. આ મામલે અલ્હાબાદ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલ એ નિવેદનના આધારે દાખલ કરવામાં આવી છે કે પૈસા સીધા ખાતામાં ટ્રાન્સફર થાય છે.

અરજીમાં કોંગ્રેસ પાર્ટીના તમામ ૯૯ સાંસદોને ગેરલાયક ઠેરવવા, પાર્ટીનું ચૂંટણી ચિન્હ જપ્ત કરવા અને પાર્ટીની નોંધણી રદ કરવાની માંગણી કરવામાં આવી છે અલ્હાબાદમાં હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આગામી સપ્તાહે હાઈકોર્ટમાં પીઆઈએલની સુનાવણી થવાની સંભાવના છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ગત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ જનતાને ગેરંટી કાર્ડ યોજના વિશે જણાવ્યું હતું, જેના હેઠળ ગરીબ, પછાત, દલિત અને લઘુમતીઓને ૮૫૦૦ રૂપિયા મળશે. ચૂંટણી બાદ જુલાઈ મહિનાથી તેમના બેંક ખાતામાં દર મહિને જમા કરાવવાનું વચન આપ્યું હતું.

# સ્વાતંત્રતા પર્વ પૂર્વે દિલ્હીમાંથી આઈએસનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી ઝડપાયો



નવી દિલ્હી,તા.૯

આગામી સપ્તાહે દેશના સ્વતંત્રતા દિવસના પાંચ દિન પુર્વે જ પાટનગર દિલ્હીમાંથી આઈએસ (ઈસ્લામીક સ્ટેટ)નો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. મોટુ ષડયંત્ર નિષ્ફળ બનાવ્યું છે.

દિલ્હીની સ્પેશ્યલ સેલ પોલીસ દ્વારા આઈએસના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી રિઝવાન અલીની ધરપકડ કરી હતી. તેના માથા પર ત્રણ લાખનુ ઈનામ જાહેર કરાયુ હતું તેના પરથી જ તે કેટલો ખતરનાક હતો તેની સાબીતી મળી જાય છે. આઈએસના પુના મોડયુલ સાથે તે સંકળાયેલો હતો અને ત્રાસવાદી સંગઠનમાં ક્રુર-ખતરનાકની ઓળખ ધરાવતો હતો.

પુના પોલીસની કસ્ટડીમાંથી નાસી ગયેલા રિઝવાન અબ્દુલ હાજી અલી સામે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા પણ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. દિલ્હીના દરિયાગંજનો જ મૂળ રહેવાસી રિઝવાન અલી પાટનગરમાં હોવાની બાતમીના આધારે વહેલી સવારે પોલીસે ઓપરેશન કર્યુ હતું. રિઝવાન દિલ્હી તથા મુંબઈના અનેક દેશ વિરોધી ત્રાસવાદ સંબંધી ઘટનાક્રમમાં સામેલ હતો. આઈએસના પુના મોડયુલના અન્ય સભ્યો સાથે સંકલન કરતો હતો.

દિલ્હી પોલીસ દ્વારા તેની ધરપકડ કરતા તેના કબ્જામાંથી હથિયાર પણ મળી આવ્યુ હતું. પુના પોલીસ તથા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા ભૂતકાળમાં અનેક આઈએસ મોડયુલનો પર્દાફાશ કર્યો હતો.

## ઘર અને સોના પર લોન મામલે રિઝર્વ બેંકનું કડક વલણ

મુંબઈ,તા.૯

ઘર અને સોના પર લોન મામલે રીઝર્વ બેન્ક સખ્તાઈ હાથ ધરશે. રીઝર્વ બેન્કે જુના ઘર અને ગોલ્ડ લોન પર ફરીથી અતિરિકત વધારાની લોન (ટોપ-અપ)આપવાની પ્રવૃતિ સામે સખત વલણ અપનાવ્યુ છે. રીઝર્વ બેન્ક ગવર્નર શકિતકાંત દાસે ગઈકાલે જણાવ્યું હતું કે ટોપ-અપ લોનમાં નિયામકીય જરૂરિયાતોનું પાલન નથી થઈ રહ્યું. આ પ્રકારની લોનની રકમનો ઉપયોગ બિન ઉત્પાદક ક્ષેત્રોમાં કે સટ્ટાબાજીનાં ઉદેશો માટે કરવામાં આવી શકે છે.

### ગુજરાતની મોટી પાંચ દુર્ઘટનાઓમાં ભોગ બનેલા લોકોને ન્યાય આપવાની માંગણી સાથે

# મોરબીથી કોંગ્રેસની ન્યાયયાત્રાનો પ્રારંભ

મોરબી તા.૯

મોરબીના દરબારગઢ ચોકમાં ક્રાંતિ સભા યોજી અને રાષ્ટ્રીય ગાન વંદે માતરમ સાથે આજથી કોંગ્રેસની ન્યાયયાત્રાનો પ્રારંભ થયો છે. જે ગુજરાતના પાંચ જિલ્લા મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાંથી પસાર થઈને ૩૦૦ કિમીનો પ્રવાસ ખેડશે. છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં બનેલ મોટી દુર્ઘટનામાં સામાન્ય લોકો હોમાયા છે જો કે, એકપણ ઘટનામાં લોકોને ન્યાય મળેલ નથી જેથી કરીને લોકોને ન્યાય અપાવવા માટે આ ગુજરાત ન્યાયયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ જેવા અનેક બનાવો બનેલ છે. જેમાં ગુજરાતના નિર્દોષ નાગરિકો ભોગ બન્યા છે. જે લોકોનો ભોગ લેવાયો તેમના પરિવારને ન્યાય મળી રહ્યો નથી અને આરોપીઓને સજા પણ કરવામાં આવી રહી નથી. જેથી આ ઘટનાઓમાં ભોગ બનેલા પીડિત પરિવારોને ન્યાય અપાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત ન્યાયયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંછે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અમિત ચાવડા, જિગ્નેશ મેવાણી, પ્રગતિ આહીર વગેરે કોંગ્રેસના આગેવાનો સહિત પીડિત પરિવારોએ હાજર રહી આ ન્યાય યાત્રાની શરૂઆત કરી છે.


ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE 8 % UPTO 38 % OFF
Online ખરીદી કરતા પણ ફાયદો
A/C.
MAHER CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH


જૂનાગઢ ઓફીસ માટે માણસ જોઈએ છે
ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ
(ઉ. ૨૨ થી ૩૨)
જૂનાગઢ : 63549 69729

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ


બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# આજે ''વિશ્વ આદિવાસી દિવસ''-આદિજાતિ પરીવારનાં સપનાં થશે સાકાર

## વિશ્વ આદિવાસી દિવસની ૨૭ સ્થળો પર ઉજવણી કરવામાં આવી : રાજયકક્ષાનો કાર્યક્રમ ખેડા ખાતે યોજાયો

ગાંધીનગર તા. ૯

આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિજાતિ બાંધવોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી. વિશ્વ આદિવાસી દિવસની ૨૭ સ્થળો પર ઉજવણી થઈ રહી છે. જયારે રાજયકક્ષાનો કાર્યક્રમ ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે યોજાયો હતો.

હાલ રાજ્યમાં ૨.૫૬ કરોડ આયુષ્માનકાર્ડ ધારકો પૈકી આદિવાસી બહુલ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓના કુલ ૧.૦૪ કરોડ લાભાર્થીઓ પાસે આયુષ્માન કાર્ડ છે,

વર્ષ ૨૦૨૩-૨૪ માં આ ૧૪ જિલ્લાઓના કુલ ૪.૧૩ લાખ લાભાર્થીઓના ક્લેઈમ પેટે કુલ રૂ. ૧૧૩૯.૮ કરોડની રકમ ચૂકવાઈ, રાજયના ૧૪ આદિજાતી બહુલ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ૨,૭૭૮ પેટા આરોગ્ય કેન્દ્ર, ૪૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૮૫ સામુહિક આરોગ્ય કેન્દ્ર સેવામાં કાર્યરત,

૧૪ માંથી ૯ જિલ્લામાં મેડિકલ કૉલેજમાં કુલ ૨૦૦૦ જેટલી મેડિકલ બેઠકો કાર્યરત, બાકીના ૫ જિલ્લાઓમાં મેડિકલ કૉલેજ ટુંક સમયમાં કાર્યરત બનશે

૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. ગુજરાત સરકાર હંમેશા વનબંધુઓના સર્વાંગીણ વિકાસ માટે પ્રયત્નશીલ રહી છે.રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા પણ આદિજાતી બંધુ-ભગીનીઓની આરોગ્ય સુખાકારી માટે હંમેશાથી પ્રો-એક્ટિવ કામગીરી કરવામાં આવી છે.



ગત વર્ષે ૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના ૧૭ રાજ્યોમાં નેશનલ સિકલસેલ એનિમિયા મિશન ૨૦૪૭નો શુભારંભ કરાવ્યો છે. આ મિશન અંતર્ગત વર્ષ ૨૦૪૭ સુધીમાં સિકલસેલ અનેમીયા રોગનું નાબુદી કરવાનું મિશન છે.

ગુજરાત રાજ્યના ૧૪ આદિજાતિ જીલ્લા જેમાં અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, મહીસાગર, નર્મદા, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, સુરત, વલસાડ, તાપી, જીલ્લામાં નેશનલ સિકલસેલ એનિમિયા મિશન ૨૦૪૭ અંતર્ગત કાર્ય કરવામાં આવનાર છે. આ મિશન અંતર્ગત ૦ થી ૪૦ વર્ષ સુધીના વયના લોકોને આવરી લેવાયા છે.

નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૬ માં તેમણે ગુજરાતમાં સિકલસેલ રોગની ગંભીરતા ધ્યાને લઈને સિકલસેલ કંટ્રોલ પ્રોગ્રામની શરૂઆત કરાવી હતી.

જેમાં ક્રમશઃ આદિજાતિ જીલ્લામાં વસતા લોકોનું સિકલસેલ અનેમીયા રોગના નિદાન અને સારવાર કરવા પગલા લેવામાં આવ્યા છે.

હાલ રાજ્યની કુલ આદિજાતિ વસ્તીમાંથી ૧,૦૩,૧૫,૯૦૦ થી વધારે લોકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું છે. જેમાંથી ૭.૩૬ લાખ સિકલ સેલ વાહક અને ૩૨,૩૩૩ સિકલ સેલ અનેમીયા રોગના દર્દી મળી આવ્યા છે.

પ્રાઈમારી સ્કીનીંગ **DTT** (ડિથીઓનાઈટ ટ્યુબ ટેસ્ટ) દ્વારા કરવામાં આવે છે અને કન્ફર્મેશન માટે **HPLC** (હાઈ પરફોર્મન્સ લીક્વીડ ક્રોમેટોગ્રાફી) ટેસ્ટ કરવામાં આવે છે. આદિજાતિ જીલ્લાની આંગણવાડી, શાળાઓ અને કોલેજોમાં આર બી એસ કે, ટીમ અને ગ્રામ્ય કક્ષાએ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને સિકલ સેલ કાઉનીસ્લાર દ્વારા સ્કીનીંગની કામગીરી કરવામાં આવે છે.

આદિજાતિ લોકોમાં વિશેષ નિદાન સગર્ભા મહિલાઓ, ૧૦ થી ૨૫ વર્ષના લગ્ન ના કરેલ હોય તેવા વિષેશ સમૂહના લોકોનું નિદાન કરવું તે મુખ્ય લક્ષ્યાંક છે. જેથી મહતમ આ રોગનો ફેલાવો આગામી પેઢીમાં ફેલાતા રોકી શકાય.

સીકલ સેલ એનિમિયા વારસાગત હિમોગ્લોબીનની ખામીને કારણે થતી આરોગ્ય સમસ્યા છે. સીકલ સેલ એનિમિયામાં રકતકણમાં રહલે ખામીયુક્ત હિમોગ્લોબીન જી ને કારણે લાલ રકતકણોનો આકાર ગોળમાથી દાતરડાં જેવો બને છે.આ એક આનુંવાંશિક રોગ છે જે રોગીમાંથી આવનાર પેઢીમાં પ્રસરે છે. રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત પણ રાજ્યના આદિવાસી બાંધવોને આવરીને મોટા પ્રમાણમાં શ્રેષ્ઠત્તમ સારવાર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલ રાજ્યમાં ૨.૫૬ કરોડ આયુષ્માનકાર્ડ ધારકો પૈકી આદિવાસી બહુલ વસ્તીના ૧૪ જિલ્લાઓમાં કુલ ૧.૦૪ કરોડ લાભાર્થીઓ પાસે આયુષ્માન કાર્ડ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૪ જિલ્લાઓના કુલ ૪.૧૩ લાખ લાભાર્થીઓના ક્લેઈમ પેટે કુલ રૂા. ૧૧૩૯.૮ કરોડની રકમ ચૂકવવામાં આવી છે. રાજ્યમાં આદિજાતી બહુલ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં ૨૭૭૮ પેટા આરોગ્ય કેન્દ્ર,૪૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૮૫ સામુહિક આરોગ્ય કેન્દ્ર સેવામાં કાર્યરત. ૧૪ માંથી ૯ જિલ્લામાં મેડિકલ કોલેજમાં કુલ ૨૦૦૦ જેટલી મેડિકલ બેઠકો કાર્યરત બાકીના ૫ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ ટુંક સમયમાં કાર્યરત બનશે.

# ઓખા ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

માતાઓ માટે સ્તનપાન જાગૃતિ અને વિવિધ રોગો માટે સારવાર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જિલ્લા આયુર્વેદ દેવભૂમિ દ્વારકાનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ તુષ્ટિ અંતર્ગત ન્યારા એનર્જી દ્વારા અને સરકારી આયુર્વેદ દવાખાના, ઓખા દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી અંતર્ગત સગર્ભા, ધાત્રી માતા માટે સ્તનપાન જાગૃતિ અંગે માર્ગદર્શન તથા વિવિધ રોગો માટે નિદાન -સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્તનપાન અંગે પૌષ્ટિક આહાર વિશે માર્ગદર્શન, સૂતિકા પરિચર્ચા અને યોગ-પ્રાણાયામ અંગે માહિતી ઉપરાંત પ્રકૃતિ પરીક્ષણ અને વિવિધ રોગોમાં પરેજી અંગે પત્રિકા વિતરણ કરાયું હતું. આ આયોજનમાં ૪૯ લાભાર્થીઓને લાભ અપાયો હતો.

# પીજીવીસીએલના કારણે માણાવદર શહેરમાં અસંખ્ય સ્ટ્રીટ લાઈટો બંધ થતા અંધારપટ્ટ

## ૮૦૦ બંધ થઈ હતી તેમાંથી ૩૦૦ ચાલુ કરી હોવાનો પાલિકા તંત્રનો દાવો : સ્ટ્રીટ લાઈટના માલસમાન અપુરતો : ભાજપના ધારાસભ્ય ગ્રાન્ટ કેમ ફાળવતા નથી કે હવે રસ નથી ?

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૯

માણાવદર શહેર પાલિકામાં છાશવારે પ્રજાજનોના પ્રશ્ને હાહાકાર મચાવે તેવા જ હોય છે. પાલિકાના અધિકારી જણાવે છે કે પીજીવીસીએલના કારણે પાલિકાની ૮૦૦ લાઈટો બંધ થઈ હતી. જેમાંથી ૩૦૦ રીપેર થઈ હજુ ૪૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સમગ્ર શહેરી વિસ્તારમાં અનેક સ્થળોએ અંધારપટ્ટ છવાયો છે. જેનાથી મહિલા, નાની બાળકી, વૃધ્ધો અંધારપટ્ટમાં અસલામતી અનુભવે છે. અધુરામાં પુરૂ સ્ટ્રીટ લાઈટોનો માલસામાન અપુરતો હોવાનું પ્રજાજનોને ફરીયાદ લખાવતી વખતે કહેવાય છે. આ ઉપરાંત પીજીવીસીએલના કારણે મહત્વની ૮ મોટરો બળી ગઈ હોવાનું જણાવેલ છે ત્યારે પ્રજાજનો હેરાન થાય છે. આ અધારપટ્ટ છતાં ભાજપના ધારાસભ્ય લાડાણી ગ્રાન્ટ કેમ ફાળવતા નથી ? તેવી આમ જનતામાં ચર્ચા થઈ રહી છે. અંધારપટ્ટના કારણે એક ખોફ વ્યાપ્યો છે. ચોરી, લૂંટ થવાના ભયથી ૩૫ હજારની જનતા ફફડી રહી છે. પાલિકાની ગ્રાન્ટોની તપાસ કરી વધુ માલ મંગાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# વાંસોજ ગામે થયેલ ખૂનનો ભેદ ઉકેલાયો : ઘરનાં ઘાતકી નીકળ્યા : પુત્ર, પુત્રવધુ, પૌત્ર સહીત પાંચની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ઉના તા. ૯

ગીર સોમનાથ જીલ્લાનાં વાંસોજ ગામે થયેલ ખૂનનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. જેમાં ગત તા. ૧ ઓગસ્ટનાં રોજ નવાબંદર પોલીસને વાંસોજ ગામથી ફોન આવેલ કે વાંસેજ ગામમાં ખોડીયાર મંદિરવાળી શેરીમાં એક રહેણાંક મકાનમાં ફળીયામાં લોહીલુહાણ હાલતમાં ખાટલામાં એક વ્યકિત સુતેલી અવસ્થામાં પડેલ છે. પોલીસે તપાસ કરતાં મસરીભાઈ ઉર્ફે ઘેલાભાઈ કાનભાઈ શિયાળ (ઉ.વ. ૬૦)નું કોઈ અજાણ્યા શખ્સોએ ગંભીર જીવલેણ ઈજા કરી મોત નિપજાવેલ હતું. મરણ જનારના પુત્ર રણછોડભાઈ મસરીભાઈ શિયાળની ફરીયાદનાં આધારે નવાબંદર મરીન પોલીસે બીએનએસ કલમ ૧૦૩ (૧), ૩૩૨ (એ) તથા જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે સીસી ટીવી કેમેરા ચેક કરી, મરણજનાર સાથે સંપર્ક ધરાવતા શકમંદ ઈસમોને રાઉન્ડઅપ કરી પુછપરછક રતાં આ ખુન મૃતકનાં પુત્ર ફરીયાદી રણછોડ મસરી પોતે તેમજ તેનાં નજીકનાં સગા જગદીપ રામભાઈ શિયાળ મૃતકનાં દિકરાની પત્ની મંજુબેન રામભાઈ, જમનાબેન ભરતભાઈ, ગીતાબેન વિજય વાજાએ કરેલ હોવાની કબુલાત આપી હતી. આમ પોલીસે ત્રણ મહિલા, બે પુરૂષ સહીત ઘરના પાંચ સભ્યોની અટક કરી હતી.

આ હત્યાનાં બનાવનો ગીર સોમનાથ જીલ્લાની પોલીસનાં એલસીબી ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા, પીઆઈ એ.બી. વોરા, એલસીબી, એસઓજી પીઆઈ જે.એન. ગઢવી, પીઆઈ વી.પી. પટેલ, વી.કે. ઝાલા તથા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનનાં સ્ટાફે ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# ધંધુસરમાં ખેતરમાં પાણી ઘુસી જવા બાબતે શેઢા પાડોશી બાખડયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૯

વંથલી તાલુકાનાં ધંધુસર ગામે રહેતા દુદાભાઈ રીણાભાઈ દિવરાણીયાએ લખમણભાઈ ગીગાભાઈ દિવરાણીયા, હરેશ લખમણભાઈ દિવરાણીયા સામે વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી અને આરોપીઓની જમીન બાજુ બાજુમાં આવેલ હોય અને હાલ ચોમાસાની ઋતુ ચાલુ હોય જેથી ચોમાસા દરમ્યાન ઉપરવાસમાંથી આવતુ પાણી ફરીયાદીનાં ખેતરમાં થઈને આરોપીઓના ખેતરમાં જતું ત્યારે અરોપીઓ તેમના ખેતરનાં શેઢે પાળો કરેલ જેથી ઉપરવાસમાં આવેલ ખેતરોનાં પાણીનો ભરાવો ફરીયાદીનાં ખેતરમાં થતો હોય તેમ છતાં પણ આરોપીઓ તેમના ખેતરમાં ભરાતુ પાણી ફરીયાદીનાં ખેતરમાં વાળી દીધેલ જે બાબતે ફરીયાદીએ આરોપીઓને વાત કરતા આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તારા ખેતરનું પાણી અમારા ખેતરમાં આવવું ન જોઈએ તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવતાં વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

### પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર જીત્યા બાદ

# નીરજ ચોપરાએ કહ્યું, 'હવે અમે આગળ તૈયારી કરીશું'




પેરિસ, તા.૯

ગોલ્ડ મેડલ માટે ભારતની સૌથી મોટી આશા, ડિફેન્ડિંગ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકની જેવલિન થ્રો ઈવેન્ટમાં ૮૯.૪૫ના પોતાના સિઝનના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ મેડલ મેળવ્યો. સિલ્વર મેડલ જીત્યા બાદ નીરજ ચોપરાએ 'આજ તક' સાથે વાત કરતા કહ્યું કે દરેક ખેલાડીનો પોતાનો દિવસ હોય છે, આજે અરશદનો દિવસ હતો.નીરજનો બીજો થ્રો તેનો એકમાત્ર માન્ય થ્રો હતો જેમાં તેણે ૮૯ રન બનાવ્યા હતા. ૪૫ મીટર ફેંક્યો. આ સિવાય તેના પાંચેય પ્રયાસો ફાઉલ હતા. નદીમે ૯૨.૯૭ મીટરના બીજા થ્રો સાથે નવો ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો. તેણે ૯૧.૭૯ મીટરનો છઠ્ઠો અને છેલ્લો થ્રો કર્યો હતો.' નીરજ ચોપરાએ કહ્યું, 'ક્યાંક એવું લાગતું હતું કે આજે સાતત્ય છે. એવું લાગતું હતું કે આજે તે દિવસ છે જ્યારે ૯૦ મીટરનો થ્રો બનાવવામાં આવે છે અને તેના વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. એ આજે આવવાનો હતો પણ... ક્યાંથી નીકળશે એ ખબર નથી.. જ્યારે અર્શદે ફેંક્યો ત્યારે મને ખાતરી હતી કે એ કરશે જ, આજે એ દિવસ છે, પણ એ ન થઈ શક્યું.. હજુ પણ એની પાસે પોતાના દેશ માટે મેડલ જીત્યો, ધ્વજ લઈને મેદાનમાં ચક્કર લગાવ્યા. દરેકની અપેક્ષા સુવર્ણ ચંદ્રકનો બચાવ કરવાની હતી, હું કહેવા માંગુ છું કે રમતગમતમાં તેના ઉતાર-ચઢાવ છે, તે લાંબા સમયથી મારો દિવસ રહ્યો છે, હું જીવ્યો છું, મેં વિશ્વાસ કર્યો છે અને હું તેને જીવ્યો છું. કદાચ આજનો દિવસ મારો ન હતો. આ સ્વીકારીને અમે આગળની તૈયારી કરીશું. આ સંઘર્ષ ચાલુ રહેશે.

# ઓગસ્ટમાં વરસાદની આગાહી : અંબાલાલ પટેલ



(જી.એન.એસ)

અમદાવાદ ,તા.૯

ગુજરાતમાં ૩૦ ઓગસ્ટ સુધીના વરસાદની આગાહીઓ અને અનુમાનો કરી દેવામાં આવ્યાં છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધારે રહેશે તેવું પણ અંબાલાલ પટેલે જણાવ્યું હતું. વધુમાં એમણે જણાવ્યુંકે, ૨૩ ઓગસ્ટ પછી ગુજરાતમાં પર્વત આકારનો મેઘ ચડે ત્યા વરસાદ પડવાની સંભાવના છે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, હાલ દરેકે સતર્ક રહેવાની જરૂર છે. કારણકે, એક સાથે રાજ્યમાં બબ્બે વરસાદી સિસ્ટમો સક્રિય થઈ રહી છે. આ સ્થિતિ કંઈક નવાજૂની કરી શકે છે. ગુજરાતમાં આગામી દિવસોમાં ક્યા કેવો વરસાદ રહેશે તે અંગે પણ અંબાલાલ પટેલે મહત્ત્વની આગાહી કરી છે. તેમણે કહ્યું છેકે, હાલ ભલે થોડા દિવસથી વરસાદની તીવ્રતા ઘટી હોય પણ હજુ વરસાદનો ધુઆંધાર રાઉન્ડ બાકી છે. ગુજરાતમાં આગામી ૮ અને ૯ ઓગસ્ટના રોજ સુરત, નવસારી વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા અંબાલાલ પટેલે વ્યક્ત કરી છે. અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં સક્રિય બનેલા થંડર સ્ટ્રોમની સ્થિતિને કારણે સ્થિતિ વિકટ બની શકે છે. કારણકે, આ થંડર સ્ટોમ એક્ટિવિટીના લીધે ગુજરાતમાં ૪૫ થી ૫૦ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. થંડર સ્ટોમ એક્ટિવિટીના લીધે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ,દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના છે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં સપ્ટેમ્બર મહિનો ભારેથી અતિભારે રહેશે. ઓગસ્ટ માસમાં મધ્યમ અસરની ખોટ સપ્ટેમ્બરમાં પુરાવાનો અનુમાન વ્યક્ત કર્યો છે. ૧૫ ઓગસ્ટથી રાજ્યમાં સારા વરસાદની શક્યતા છે. બંગાળ ઉપસાગરની સિસ્ટમ વધુ સક્રિય થશે. એટસ્મોફિયરીંગ વેવ મજબૂત થતાં સિસ્ટમ સક્રિય થશે. દેશના ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહેશે. ભારે વરસાદના લીધે પૂરની સ્થિતિ સંભવી શકે છે. ૮થી ૧૪ ઓગસ્ટ સુધીમાં દેશભરમાં સારા વરસાદની શક્યતા છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

અંબાલાલ પટેલે કહ્યું કે, ૮-૯-૧૦ ઓગસ્ટએ મુંબઈ મહારાષ્ટ્રમાં ભારે વરસાદ રહેશે. ૧૧-૧૨ ઓગસ્ટમાં ગુજરાતમાં ભારે વરસાદ રહેશે. દક્ષિણ ગુજરાતની નદીઓમાં પૂર આવવાની શક્યતા છે. તો દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. ૨૩ ઓગસ્ટથી વરસાદી ઝાપટા પડવાની શક્યતા છે. ૨ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતનાં ઘણા ભાગોમાં સારો વરસાદ પડી શક્યતા છે. ગુજરાતમાં સાર્વત્રિક વરસાદના માહોલ વચ્ચે અંબાલાલ પટેલની આગાહી આવી છે. ઓગસ્ટમાં દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ આવી શકે છે. દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ બની શકે છે. દક્ષિણ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી અને ભાવનગરના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. જામનગરમાં હળવાથી ભારે વરસાદ આવી શકે છે. તો ઉત્તર સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થઈ શકે છે. કચ્છમાં ભારે વરસાદી ઝાપટાં આવી શકે છે. ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ રહેશે. કેટલાક ભાગોમાં ભારે વરસાદ આવી શકે છે. સામાન્ય માણસોની સાથોસાથ સરકારી તંત્રની ચિંતામાં પણ વધારો થાય તેવી આ એવી આગાહી છે. અંબાલાલ પટેલની આ આગાહીએ હાલ સૌ કોઈને હચમચાવી દીધાં છે. અંબાલાલ પટેલની આગાહી મુજબ ગુજરાત પર હાલ વિનાશક પૂરનું જોખમ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગે પણ ભારે વરસાદની આગાહી અને તોફાની બનેલા દરિયાને જોતા માછીમારોને દરિયો ન ખેડવા કહ્યું છે. અંબાલાલ પટેલની આગાહી તમારી છાતીના પાટીયા બેસાડી દેશે. કારણકે, આ વખતે ગુજરાતમાં વિનાશક પૂરની આગાહી કરવામાં આવી છે. એવું પણ કહેવાય છેકે, અંબાલાલ પટેલની આગાહી ક્યારેય ખોટી નથી પડતી. તેથી સૌ કોઈને એજ વાતનો ડર છે. આજથી ૧૪ ઓગસ્ટ સુધીમાં સારા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે થી અતિ ભારે વરસાદની સંભાવના પણ અંબાલાલે વ્યક્ત કરી છે. ૧૫ ઓગસ્ટથી ગુજરાતમાં ફરીથી સારા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને બંગાળ ઉપસાગરની સિસ્ટમ વધુ સક્રિય થશે. એટસ્મોફેરિંગ વેવ મજબૂત થતાં ગુજરાતમાં ભારે વરસાદની સિસ્ટમ સક્રિય થશે. ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિતના રાજ્યોમાં અલબત્ત દેશના આ ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહેશે. ભારે વરસાદને કારણે નદીઓ અને દરિયો પણ છલકાઈ શકે છે. તે જ કારણે ભારે વરસાદના લીધે ગુજરાત પર તોળાઈ રહ્યું છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે વિના મૂલ્યે નેત્ર કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે અત્રે જામનગર હાઈ-વે ઉપર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૧૧ ઓગસ્ટના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શિવાનંદ મિશન હોસ્પિટલ - વીરનગરના તબીબો તેમજ ટેકનીશીયનો તેઓની સેવા તેમજ સારવાર આપશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વિના મૂલ્યે ઓપરેશન કરી અને નેત્રમણી પણ મૂકી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ૧૦ ઓગસ્ટ - વિશ્વ સિંહ દિવસ

# સૌરાષ્ટ્રના ૯ જીલ્લાના અંદાજે ૩૦, ૦૦૦ ચો. કિ.મી. એશિયાટીક લાયન લેન્ડસ્કેપમાં સિંહોનો વસવાટ

**સિંહ સંરક્ષણ, સંવર્ધન અને સિંહ વસવાટને લગતી બાબતો માટે રાજય સરકારનાસાતત્યભર્યા પ્રયાસો : સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો : જુન ૨૦૨૦ની ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા વધીને ૬૭૪ થઈ**





## વિશ્વ સિંહ દિવસની સાસણ ખાતેની ઉજવણીમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી બનશે

જૂનાગઢ, તા.૯

સમગ્ર ગુજરાત અને ભારતનું ગૌરવ અને પ્રતિક એવા એશિયાટિક સિંહનું એકમાત્ર નિવાસસ્થાન ગીરનું જંગલ છે, સિંહોના જતન સંવર્ધન માટે લોકજાગૃત્તિ કેળવાઈ તે માટે તા.૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ સિંહ દિવસની સાસણ ખાતે યોજાઈ રહેલી ઉજવણીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. એક વખત હતો કે, ગિરનાર જંગલમાં સિંહોની જૂજ સંખ્યા રહી હતી, સિંહ સંરક્ષણ, સંવર્ધન અને સિંહ વસવાટને લગતી બાબતો માટે રાજય સરકારના સાતત્યભર્યા પ્રયાસોને કારણે સિંહોની સંખ્યામાં નોંધપાત્ર ઉમેરો થયાનું જોવા મળે છે. ગુજરાત રાજય સરકારના સિંહ સંવર્ધન માટેના સાતત્યભર્યા પ્રયાસોના પરિણામે ૬૭૪ (વર્ષ-૨૦૨૦ની ગણતરી પ્રમાણે) થઈ છે. રાજ્ય સરકારે સિંહ દર્શન માટે પ્રવાસનને વેગ આપ્યો છે, ગુજરાત સહિત દેશભરના પ્રવાસીઓ સિંહદર્શન માટે સાસણ અને દેવળીયા ઉમટે છે. પ્રવાસનની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો વિસ્તરી છે.

કુદરતી રીતે જ એશિયાઇ સિંહ એ ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિહરતા જોવા મળે છે. સિંહોની વસ્તીમાં ઉમેરો થતાં તેમના રહેણાંક વિસ્તારમાં પણ વધારો થયો છે. સિંહો સૌરાષ્ટ્રના નવ જિલ્લાઓના અંદાજે ૩૦,૦૦૦ ચો. કિ.મી.માં વિહરતા જોવા મળે છે. જેને એશિયાટીક લાયન લેન્ડસ્કેપ તરીકે ઓળખવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં ગીરનું જંગલ ૧,૮૮૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે, ગીર જંગલમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન તથા ગીર વન્યજીવ અભયારણ્ય, પાણીયા વન્ય જીવ અભયારણ્ય, મિતિયાળા વન્યજીવ અભયારણ્ય અને આરક્ષિત તથા સંરક્ષિત જંગલોનો સમાવેશ થાય છે, તે જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી એમ ત્રણ જિલ્લાઓમાં ફેલાયેલું છે. એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારે તા.૧૮ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ ગીરને વન્ય જીવ અભ્યારણ્ય તરીકે જાહેર કર્યું હતું. દેશના અર્ધસૂક્ક પશ્ચિમ ભાગમાં આવેલા ગીરનું જંગલ પાનખર જંગલોનો સૌથી મોટો વિસ્તાર છે તે ભારતના સૌથી જૂના સંરક્ષિત વિસ્તારોમાંનો એક છે. આ જંગલ વિસ્તાર સિંહોના નિવાસ્થાન માટે જાણીતું તો છે જ સાથે જ ભારતીય ચિત્તા અને મગરોની પણ મોટી વસ્તી ગીરના જંગલ વિસ્તારમાં જોવા મળે છે. હિરણ, સરસ્વતી, ધાતરડી, શિંગોડા, મચ્છુન્દ્રી, રાવલ વગેરે નદીઓ આ વિસ્તારની પર્યાવરણીય વિવિધતામાં મોટો ફાળો આપે છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૩માં આફ્રિકન લાયન એન્વાયર્નમેન્ટ રિસર્ચ ટ્રસ્ટ (ALERT)ના સ્થાપકો દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરુઆત કરવામાં આવી હતી. ભારતમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરુઆત ગુજરાત વન વિભાગ દ્વારા વર્ષ-૨૦૧૬થી કરવામાં આવી રહી છે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી એશિયાઇ સિંહોના સંરક્ષણ માટેની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સામૂહિક પ્રતિબદ્ધતા ગુજરાત અને ભારતના ગૌરવ – એશિયાઇ સિંહોના સંરક્ષણને આગળ વધારવાના સહિયારા ઉદ્દેશ્યથી પ્રેરિત છે.

**સંકલન અને આલેખન**
**રોહિત ઉસદડ**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હર્ષદ ખાતે હરસિદ્ધિ માતાના દર્શન કરી ધન્યતા અનુભવી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૯



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૭૫માં રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી તેમજ ૨૩માં સાંસ્કૃતિક વન હરસિદ્ધિ વનનું લોકાર્પણ કરવામાં પધાર્યા છે. ગાંધવી ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ "હરસિદ્ધિ માતા"ના દર્શન કરી માતા સમક્ષ ગુજરાતની પ્રજાના લોક કલ્યાણની કામના કરી હતી તેમજ વૈદિક મંત્રોચ્ચાર સાથે થયેલી સ્તુતિ દ્વારા માતાજીની આરાધના કરી હતી.

આ તકે મુખ્યમંત્રીનું વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, વન વિભાગના અગ્ર સચિવ સંજીવકુમાર, કલેકટર જી.ટી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી.ધાનાણી, અગ્રણી મયુરભાઈ ગઢવી, રમેશભાઈ ઓડેદરા, જનરલ મેનેજર જામ ધર્માદા ટ્રસ્ટ વિનોદભાઈ કાયડા સહિતના મહાનુભાવોએ મુખ્યમંત્રીને આવકાર્યા હતા.

# નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ




જૂનાગઢ, તા.૯

નારી વંદન ઉત્સવ અંતર્ગત રોજ મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કચેરી દ્વારા કરવામાં આવી હતી.ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનિઓ રેલી યોજવામાં આવી હતી.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી સોજીત્રા, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી ભાડ અને શાળાના આચાર્યો રેલીને પ્રસ્થાન માટે લીલીઝંડી આપી હતી. બેટી બચાવો બેટી પઢાવો સૂત્રોચ્ચાર સાથે રેલી આગળ વધારવામાં આવી હતી. આ રેલીએ ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કુલથી આઝાદ ચોક, ચિતા ખાના ચોક, ગાંધી ચોક, તળાવ દરવાજા વિસ્તારોમાં ફરી હતી. આ રેલીમાં મહિલા અને બાળ અધિકારી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલનાં શિક્ષકો, DHEW, PBSC, OSC સ્ટાફ, ૧૮૧ અભયમ, SHE TEAM તેમજ પોલીસ વિભાગ ઉપસ્થિત રહ્યા હતા.

ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું, જે કાર્યક્રમમાં મેસ્ટ્રૂઅલ હાઈજિન વિષય ઉપર સંવાદ થકી મહિલા અને બાળ કલ્યાણ કચેરી અંતર્ગત ચાલતી તમામ યોજનાઓની કિશોરીઓને માહિતી આપવામાં આવી. કિશોરીઓને મેસ્ટ્રૂઅલ હાઈજિન કિટ આપવામાં આવી હતી.

# વન વિભાગના સહયોગથી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૯

વિશ્વમાં ધતાજતા પ્રદૂષણને નાથવા અનેક સંસ્થાઓ દ્વારાવૃક્ષો વાવીને સામાજિકજવાબદારીનું પ્રેરણાત્મકકાર્યકરવામાંઆવી રહ્યું છે.દેશનામાનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પેડ મા કે નામ અભિયાન શરૂ કરાવી સમગ્ર દેશમાં વધુને વધુ વૃક્ષો વાવવા લોકોને અપીલ કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા -માહી ડેરી દ્વારા એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત સંસ્થાની વિવિધ જિલ્લાઓમાં આવેલી કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો તેમજ ગ્રામ્ય કક્ષાએ આવેલ સંસ્થાના દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે રાજ્યના વન વિભાગના સહકારથી વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી ૪૧૦૦થી વધુવૃક્ષોનું વાવેતરક રવામાં આવ્યું છે. વિશ્વમાંએક તરફ જંગલો ઘટતાજાય છે અને બીજી તરફગ્લોબલ વોર્મિંગને કારણે પર્યાવરણને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. લોકો વધુ ને વધુ વૃક્ષો વાવે અને તેનો ઉછેર કરે તે માટે સરકાર દ્વારા પણ બહોળો પ્રચાર — પ્રસાર કરી જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા- માહી ડેરી દ્વારા વન વિભાગના સહયોગથી એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેના અનુસંધાને વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો અને દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે લીમડા, કરંજ, ગુલમહોર, બોરસલી, ઉમરો, ગરમાળો વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ હતું. સંસ્થાના કર્મચારીઓ, સહાયકો અને સભાસદો દ્વારા મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વગેરે જિલ્લાઓમાં વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કરી સમગ્ર વિસ્તારને લીલોછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સંસ્થાનાચીફ એકિઝક્યુટિવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણ અભિયાન હાથધરવામાં આવ્યું છે. ડેરીના કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદક સદસ્યો સૌના સાથ વડે આશરે ૪૧૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરવા અને તેના થકી રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા કાર્ય હાથ ધરાયું છે જેમાં અમોને વન વિભાગનો સહકાર પણ મળ્યો છે.

# જામનગર જીલ્લામાં રેલ્વેનાં આધુનિકીકરણની દિશામાં વધુ એક પગલું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯



દેશભરમાં રેલ્વે સેવાને વધુ લોકભોગ્ય અને સુવિધાસભર બનાવવાના કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના પ્રયાસોના ભાગરૂપે રેલ્વે લાઈનોનું ઈલેક્ટ્રીફીકેશન કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીના ભાગરૂપે જામનગર જિલ્લામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તેમના રેલ્વે સાઈડીંગનું પણ વિદ્યુતીકરણ કરીને રેલ્વેના આધુનિકીકરણ સાથે કદમ મિલાવ્યા છે એમ ડીવીઝનલ રેલ્વે મેનેજર અશ્વિનીકુમારે જણાવ્યું હતું. રિલાયન્સ રેલ્વે સાઈડીંગ ખાતે યોજાયેલા એક ઔપચારિક સમારોહમાં ડી.આર.એમ. અશ્વનિકુમારે રિલાયન્સના સાઈડીંગના ઈલેક્ટ્રીફીકેશનનું ઉદ્‌ઘાટન કરતાં જામનગર જિલ્લામાં થઈ રહેલી રેલ્વેની વિકાસલક્ષી પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ધનરાજભાઈ નથવાણીના પ્રતિનિધીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભારત – ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં અમારું મેનેજમેન્ટ હંમેશાં સાથે રહેશે. રેલ્વે દ્વારા મળી રહેલ સહયોગ બદલ રેલવેનો આભાર માનતા રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ માળખાકીય પ્રોજેક્ટની સરાહના કરી હતી. રાજકોટથી કાનાલુસ સુધીના ટ્રેક ડબલિંગ પ્રોજેક્ટથી આ વિસ્તારને ઘણો લાભ થશે તેમ પણ જણાવ્યુ હતું. આ પ્રસંગે વેસ્ટર્ન રેલ્વે રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત ખાતે શબ્દ મેગેઝીન દ્વારા ૬૪ ગૌરવવંત નારાયણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું

# ગુજરાત પ્રણામ દીવના અખબારના મહિલા તંત્રી ભાવના શાહ 'નારી તું નારાયણી' એવોર્ડથી સન્માનિત

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૯

સુરતથી પ્રકાશીત થતું માસિક 'શબ્દશ્રી' મેગેઝીનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે સ્ત્રી સશક્તિકરણની નીતિ અનુસાર સમાજમાં પોતપોતાના ક્ષેત્રમાં આગવું પ્રદાન કરનારી ગુજરાત રાજયની અગ્રણી મહિલાઓને 'નારી તું નારાયણી' સ્વરૂપ ગણી વિશિષ્ટ બહુમાન સ્વામી લીલાશાહ ભવન એસી હોલ ગુ.હા.બોર્ડ રામનગર સુરત ખાતે ૬૪ નારાયણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દિવથી પ્રકાશિત થતાં દૈનિક અખબાર ગુજરાત પ્રણામ દીવના મહિલા તંત્રી, મોઢ વણિક જ્ઞાતિ મહિલા મંડળ પ્રમુખ તેમજ દીવ સહિત સમગ્ર પંથકમાં મહિલાઓ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરી હરહંમેશ તેમને મદદરૂપ બનનાર ભાવના ધવલ શાહને પણ "નારી તુ નારાયણી" એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જો કે અનિવાર્ય સંજોગોને કારણે તેઓ સુરત હજાર રહી શક્યા ન હતા પરંતુ તેમણે આ તકે કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈ મહેમાનોનો પોતાના સંદેશાથી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં હાજર આયોજકોએ ભાવના શાહના કામોનો ત્યાં હાજર લોકોને પરિચય આપ્યો હતો. આ ઉપરાંત સ્ત્રીઓ માટે શું કરવું જોઈએ ? અથવા શું કરી શકાય ? તે અંગે ભાવના શાહના વિચારો રજૂ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, શબ્દશ્રી મેગેઝીન દ્વારા નારી સશક્તિકરણ યોજના હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિને આઠમી માર્ચે ૨૦૨૩ના રોજ દેશની અગ્રણી ગૌરવવંત નારી રત્નો ને નારી તું નારાયણી એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્ર્મમાં મુખ્ય મહેમાન પૂર્વ ભારત સરકારના ટેક્સટાઈલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ, સુરત મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયરડો. રવિન્દ્ર પાટીલ, સુરત મહાનગર પાલિકાના નગર સેવક અને ડ્રેનેજ કમિટીના ચેરમેન કેયૂરભાઈ ચપટવાલા, આર.ડી. અધ્વર્યુ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ (નિવૃત્ત) બી એન મકવાણા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ



સેશન્સ જજ (નિવૃત્ત) પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અનિલભાઈ ગોપલાણી, અનેક મહાનુભાવો , ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રોગ્રામમાં બહારગામ રહેતા મારા સનેહી મિત્રો અને પરિવારજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યા હતા.

# જામનગરમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી પૂર્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૩.૯૦ લાખ તિરંગા અપાયા







(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં તા. ૮ થી તા. ૧૫ ઓગસ્ટના સપ્તાહ દરમ્યાન યોજાનાર 'તિરંગા યાત્રા'ની ઉજવણી તેમજ 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી થવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જામનગર જિલ્લામાં ૩૩.૯૦ લાખ અને રિલાયન્સ ગ્રીન્સ ટાઉનશીપમાં ૧૦ હજાર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૭.૯૦ લાખ તિરંગા ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગૃપ પ્રેસીડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં થયેલી આ સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિ અંતર્ગત જામનગર ઉપરાંત દેવભૂમિ દ્વારકા, જુનાગઢ, મોરબી, કચ્છ અને વડોદરા જિલ્લાઓમાં કુલ મળીને ૭.૯૦ લાખ તિરંગા સબંધિત જિલ્લાના વહીવટી તંત્રને લોકોમાં વહેંચવા માટે આપવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# માર્ગ અકસ્માતો પર ચુસ્ત નિયંત્રણના ઉપાયો અનિવાર્ય

વિશ્વમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુના મામલે ભારત પહેલા સ્થાને છે. ત્યારબાદ ચીન અને અમેરિકા છે. ભારતમાં દરરોજ સરેરાશ ૪૫૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. જેના કારણે માર્ગ પર ચાલતો કોઈપણ વ્યકિત પોતાને સુરિક્ષત માનતો નથી. કેટલાક કિસ્સાઓમાં રાહદારીની કોઈ ભૂલ ન હતી અને પૂરપાટ આવતા વાહને તેને ચગદી કાઢયાનું જોવા મળે છે. માર્ગ પર થતા અકસ્માતોમાં ૭૦ ટકા મૃત્યુનું કારણ વાહનની ઝડપ અને બેદરકારીભર્યુ ડ્રાઈવિંગ જવાબદાર હોય છે.

માર્ગ અકસ્માતની અસર વ્યાપક હોય છે. જેમાં અકસ્માતમાં એક કે બે લોકોના મૃત્યુ થવા સામે અન્ય ૧૦થી ૧૨ ઈજાગ્રસ્તોમાં કદાચ જીવનભર દિવ્યાંગતાનો શિકાર બનવું પડતું હોય છે.કેન્દ્રિય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ભારતમાં સડક દુર્ઘટના-૨૦૨૨ નામથી એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. આ રિપોર્ટનુસાર વર્ષ ૨૦૨૨માં ભારતમાં કુલ ૪.૬૧ લાખ માર્ગ અકસ્માત થયા હતા. જેમાં ૧.૬૮ લાખ લોકોના મોત અને ૪.૪૩ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૧ની તુલનામાં માર્ગ અકસ્માતોમાં ૧૧.૯ ટકા અને અકસ્માતમાં મૃત્યુના મામલ. ૯.૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૨માં થયેલ માર્ગ અકસ્માતમાં લગભગ ૬૮ ટકા ગ્રામીણ અને ૩૨ ટકા શહેરી વિસ્તારોનો સમાવેશ થાય છે.

માર્ગ અકસ્માતો ઘટાડવા માટે લોકોને આ અંગે જાગૃત કરવા અને ટ્રાફિકના નિયમ પાલન માટે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શાળા, કોલેજોના અભ્યાસક્રમોમાં માર્ગ સુરક્ષા અંગેની જાણકારીઓ જોડવામાં આવી છે. અકસ્માત બાદનો એક કલાક દર્દીને બચાવવા માટે મહત્વનો હોય છે. જેને મેડીકલ ટર્મમાં ગોલ્ડર અવર કહેવાય છે. આથી કેશલેસ સારવાર નજીકની હોસ્પિટલમાં કરાવવા માટે યોજના મૂકવામાં આવી છે.

માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર ઘટાડવા સરકાર સુધારાઓ કરવા સાથે નીતિગત સુધારણા અને સુરિક્ષત પ્રણાલીઓને અપનાવી રહી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય માર્ગો પર ઝીરો અકસ્માતનું લ-ય પ્રાપ્ત કરવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. જેમાં માર્ગ અકસ્માત સંભવિત ક્ષેત્રની ઓળખ કરવા અને તેના સમાધાન માટે ૧૪ હજાર કરોડ રુપિયાનો સરકાર ખર્ચ કરશે.

ઉલ્લેખનીય છે કે, માર્ગ પરના ચોકડી વિસ્તારોમાં આવેલા ચ્હા-નાસ્તાના સેન્ટર વિસ્તારમાં વધુ અકસ્માત નોંધાયા છે. દેશભરમાં નોંધાયેલા કુલ અકસ્માત પૈકી ૩૭ ટકા આવા ચોકડી વિસ્તારોના છે. જેમાં લગભગ ૬૦ ટકા અકસ્માત ચ્હા અને નાસ્તા સેન્ટરોના વિસ્તારોમાં નોંધાયા છે. જેમાં સૌથી મોટી ભૂલ વાહન ડ્રાઈવરોન હોવાનું જોવા મળ્યું હતું. પૂરપાટ વાહન હંકારવું, દારૂ પીને, મોબાઈલ પર વાત કરતા અને ઓવરટેક સહિતની ડ્રાઈવરની ભૂલો અકસ્માત સર્જતી હોય છે. આથી આ તમામ બાબતોને ધ્યાને રાખીને માર્ગ અકસ્માતોના પ્રમાણને ઘટાડવા માટે મંત્રાલય દ્વારા નવા આયોજન સાથે પહેલ કરવામાં આવી રહી છે.

### ૪૫,૦૦,૦૦,૦૦૦ કરોડની જોગવાઈ સાથે નવી યોજના

# ખેડૂતો માટે ગુજરાત સરકારે નવી યોજના અમલમાં મૂકી

## રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપયોગ કરવાની ભલામણ કરતા કૃષિ મંત્રી



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ બાદ રાજ્યના ખેડૂતોએ પુષ્કળ પ્રમાણમાં પાક વાવેતર કર્યું છે. ખેડૂતો વધુ પાક ઉત્પાદન અને આવક મેળવી આર્થિક રીતે સક્ષ્મ થવા હાલ ખેતીમાં પોતાનો જીવ રેડી રહ્યા છે. પરંતુ રાજ્યના કેટલાક ખેડૂતો વધુ આવક મેળવવાની લાલચમાં રસાયણિક ખાતર અને પરંપરાગત દાણાદાર યુરીયા ખાતરોનો આડેધડ ઉપયોગ કરતા હોય છે, જે જમીનના સ્વાસ્થ્ય ઉપરાંત પર્યાવરણને પણ નુકશાન કરે છે.

રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપયોગ કરવાની ભલામણ કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, નેનો યુરિયાની ૫૦૦ મિ.લી.ની એક બોટલ, ૪૫ કિ.ગ્રા. દાણાદાર યુરિયાની એક થેલીની ગરજ સારે છે. સાથે જ નેનો યુરીયાની કાર્યક્ષમતા પણ દાણાદાર યુરીયા કરતા ૯૦ ટકાથી વધારે છે. દાણાદાર યુરીયા ખેતરમાં નાખવામાં આવે છે ત્યારે, માત્ર ૨૦ થી ૩૦ ટકા ખાતરનો જ નાઈટ્રોજન સ્વરૂપમાં ઉપયોગ થાય છે. જ્યારે, બાકીનું યુરીયા ખાતરનો વ્યય થાય છે. ખાતરનો વ્યય અટકાવીને જમીનનું સ્વાસ્થ્ય જાળવવા માટે નેનો યુરિયા શ્રેષ્ઠ વિકલ્પ છે.

કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ખેડૂતો દાણાદાર યુરિયાના સ્થાને નેનો યુરીયાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે આ વર્ષે નવી પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત નેનો યુરિયાની ખરીદી પર ખેડૂતોને પ્રતિ હેકટર વધુમાં વધુ રૂા. ૭૫૦ની મર્યાદામાં સીધી ખરીદ કિંમત પર સહાય આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪ ૨૫ દરમિયાન આ યોજના અંતર્ગત ૪૫ લાખ નેનો યુરીયાની બોટલ પર સહાય આપવામાં આવશે. નેનો યુરીયાના વપરાશને પ્રોત્સાહિત કરતી આ યોજના માટે અંદાજપત્રમાં રૂા. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રી રાઘવજી પટેલે રાજ્યના ખેડૂત મિત્રોને અનુરોધ કરતા કહ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે પણ તાજેતરમાં જ નેનો યુરીયા માટે ગુજરાત સરકારે અમલમાં મૂકેલી પ્રોત્સાહક યોજનાની સરાહના કરીને મહત્તમ ખેડૂતો દાણાદાર યુરિયાની અવૈજમાં નેનો યુરીયાનો ઉપયોગ કરે તે માટે હિમાયત કરી હતી. ખેડૂતોને નેનો યુરિયા પોતાના નજીકના ખાતર ડેપો, સહકારી મંડળીઓ, એગ્રો બિઝનેસ સેન્ટર, ખાતરની દુકાન ખાતે સરળતાથી ઉપલબ્ધ થશે. યુરિયાની બોટલ નાની હોવાથી ખેડૂતો બજારમાં ખરીદી કરવા જાય ત્યારે, પોતાની સાથે થેલીમાં યુરીયાની બે પાંચ બોટલ સરળતાથી લઈ આવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નેનો બાયો ટેકનોલોજીથી વિકસાવેલું નેનો યુરીયા વિશ્વનું પ્રથમ પેટન્ટ અધારીત સ્વદેશી પ્રવાહી યુરીયા ખાતર છે. પાકને નાઈટ્રોજન તત્વ પૂરું પાડવામાં દાણાદાર યુરિયાની અવેજમાં પ્રવાહી યુરીયા શ્રેષ્ઠ વિકલ્પ છે. નેનો યુરીયાને સ્પ્રેપંપની મદદથી છોડ ઉપર યોગ્ય માત્રામાં ફોલીયર સ્પ્રે કરતા જમીનની પ્રત બગડતી અટકે છે, સાથે જ જમીન, હવા અને પાણીનું પ્રદુષણ પણ અટકે છે. આ ઉપરાંત નેનો યુરિયાના ઉપયોગથી પાકની ઉપજને પણ કોઈ અસર થતી નથી.

### મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર શહેરમાં આયોજન

# મુખ્યમંત્રીએ પોતાના નિવાસ સ્થાને તિરંગો લહેરાવી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો

## એસટી બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરાશે



ગાંધીનગર, તા.૯

સમગ્ર દેશમાં ૮મીથી ૧૫મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે.ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ૮મી ઓગસ્ટ, ગુરુવારે સવારે પોતાના નિવાસ સ્થાનની અગાશીમાં તિરંગો લહેરાવીને આ અભિયાનમાં સ્વયં સહભાગી થયા છે અને રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.ગુજરાતમાં આ હર ઘર તિરંગા અંતર્ગત ૪૦થી ૫૦ લાખ તિરંગાનું વિતરણ થવાનું આયોજન કરાયું છે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવેલું છે.આ વર્ષે હર ઘર તિરંગા અંતર્ગત ત્રિરંગા રેલી, ત્રિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમજ તિરંગા મેલા જેવા બહુવિધ કાર્યક્રમો રાજ્યમાં યોજાવાના છે.આ હર ઘર તિરંગા અભિયાન ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને દેશદાઝ જગાવનારું રાષ્ટ્ર ચેતના અભિયાન બને તેવી નેમ રાખવામાં આવી છે.શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનું સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે.રાજ્યના તમામ જિલ્લાઓમાં ૫૦ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ શહેરોના ચાર રસ્તાઓ ઉપર નાગરીકોને તિરંગાનું વિતરણ પણ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા રાજ્યની એસ.ટી. બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવશે.

ચાર મહાનગરોમાં અંદાજે ૨ કિલોમીટરના રૂટ પર ત્રિરંગા યાત્રા/મેગા પરેડ યોજાશે. જેમાં સુરત અને અમદાવાદ ખાતે અંદાજે ૧ લાખથી વધુ જ્યારે રાજકોટ અને વડોદરા ખાતે ૫૦ થી ૭૦ હજાર નાગરીકો સહભાગી થશે. આ કાર્યક્રમ અંતર્ગત સશસ્ત્ર દળોનું બેન્ડ, પોલીસ બેન્ડ, સ્કૂલ બેન્ડ અને અન્ય ખાનગી બેન્ડ દ્વારા દેશ ભક્તિ આધારીત ધૂન રજૂ કરવામાં આવશે. રાજ્યના વિવિધ સાંસ્કૃતિક વૃંદો દ્વારા વિવિધ સ્થળે જાણિતા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે.રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા અંદાજે ૯ ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવશે. આ વખતની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, તિરંગા રેલી, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી, તિરંગા સન્માન તેમજ તિરંગા મેલા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

### ડેન્ગ્યુથી બચવા માટે રાજ્યો સાથે બેઠક

# આગામી વર્ષ સુધી આવી જશે ડેન્ગ્યુની રસી, ત્રીજા તબક્કાના ટ્રાયલ પણ પૂરા થવાની તૈયારી

## હાલ ચાર કંપનીઓ રસી પર ટ્રાયલ કરી રહી છે

નવી દિલ્હી, તા.૯

દેશનું આરોગ્ય મંત્રાલય આગામી વર્ષ સુધી ડેન્ગ્યુની રસી ભારતમાં લોન્ચ કરી શકે છે. હાલ ચાર કંપનીઓ રસી પર ટ્રાયલ કરી રહી છે. ત્રીજા તબક્કાનું ટ્રાયલ પૂર્ણ થવાની સાથે જ આ રસી બજારમાં મૂકવામાં આવશે.

નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસો પીક પર રહેશે. ગતવર્ષની તુલનાએ આ વર્ષે ડેન્ગ્યુના સૌથી વધુ ૩૨૦૯૧ કેસો નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રે જણાવ્યું હતું કે, અમે ડેન્ગ્યુ સંદર્ભે રાજ્યો સાથે બેઠક કરી વધી રહેલા કેસોને નિયંત્રણમાં લેવા માર્ગદર્શિકા તૈયાર કરી છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં વરસાદની સિઝનમાં ડેન્ગ્યુના કેસો વધુ નોંધાય છે. ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસ પિક પર હોય છે અને બાદમાં ઘટવા લાગે છે.

૨૦૦૦ સુધી ડેન્ગ્યુથી થતા મૃત્યુનો આંક ૩ ટકા હતો. જે ઘટી ૧ ટકા થયો છે. ડેન્ગ્યુ મામલે તમામ રાજ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને માર્ગદર્શિકા આપવામાં આવી હતી. તમામ રાજ્યોને તેનાથી બચવાના ઉપાયો જણાવવામાં આવ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા અપૂર્વ ચંદ્રાએ કહ્યું કે ચોમાસાની શરૂઆતથી, દેશના દક્ષિણ ભાગમાં ડેન્ગ્યુના વધુ કેસ જોવા મળી રહ્યા છે જેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ સમાવિષ્ટ છે. આ સાથે મહારાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસ પણ જોવા મળી રહ્યા છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વખતે મહારાષ્ટ્રમાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ડેન્ગ્યુના કેસો ૮૩ ટકા વધ્યા છે. જાન્યુઆરી અને જુલાઈ ૨૦૨૩ દરમિયાન મહારાષ્ટ્રમાં ૩,૧૬૪ કેસ નોંધાયા હતા, જ્યારે આ વર્ષના પ્રથમ સાત મહિનામાં ૫,૭૭૬ કેસ નોંધાયા છે. આ વર્ષે અત્યાર સુધીમાં કર્ણાટકમાં ડેન્ગ્યુના ૧૯,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં પણ ડેન્ગ્યુના કેસ ઝડપથી વધી રહ્યા છે, જ્યાં અત્યારસુધીમાં ઓછામાં ઓછા ૨,૬૪૦ લોકો ડેન્ગ્યુનો ભોગ બન્યા છે.

ડેન્ગ્યુ એ મચ્છરજન્ય વાયરલ રોગ છે જે મોટે ભાગે પાણીમાં થાય છે. તેના લક્ષણોમાં વધુ પડતો તાવ, માથાનો દુખાવો, ઉલટી, સ્નાયુઓ અને સાંધાના દુખાવાની સાથે ત્વચામાં ખંજવાળ અને ફોલ્લીઓ થવી વગેરે સામેલ છે.

# અમદાવાદ-મુંબઈ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડશે

## ટ્રેનને ૧૩૦ કિમીની મહત્તમ સ્પીડે દોડાવીને ટ્રાયલ લેશે

અમદાવાદ, તા.૯

દેશમાં પ્રથમ વખત અમદાવાદ મુંબઈ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દોડવા માટે રેલવે વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

આ ટ્રેન દોડાવવા માટે રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાડર્ડ ઓર્ગેનાઈઝેશને પશ્ચિમ રેલવેને લીલીઝંડી આપી દીધી છે. જેથી પશ્ચિમ રેલવે ૯ ઓગસ્ટ શુક્રવારે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ટ્રાયલ લેવાશે. હાલમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૬ કોચની ૨ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડી રહી છે જેને ૧૦૦ ટકા પેસેન્જરો મળી રહ્યા છે.

વંદે ભારત ટ્રેનને મુસાફરોનો સારો પ્રતિસાદ મળતાં પશ્ચિમ રેલવેએ પેસેન્જરોની અવર જવરને ધ્યાનમાં રાખીને હવે અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવવાની તૈયારી શરૂ કરી છે. ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૩૦ કિમીની સ્પીડે દોડી શકે તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે. જેથી પશ્ચિમ રેલવે ટ્રેનને ૧૩૦ કિમીની મહત્તમ સ્પીડે દોડાવીને ટ્રાયલ લેશે. આ ટ્રાયલ દરમિયાન હવામાનની પરિસ્થિતિને પણ ધ્યાને લેવામાં આવશે. અમદાવાદથી મુંબઈ માંડીને રેલવે સ્ટેશનો સાથે રેલવે ક્રોસિંગ પર આરપીએફના જવાનોને તૈનાત રાખવામાં આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પોતાની જાતને બદલો, ભાગ્ય અવશ્ય બદલી જશે.

- અથર્વવેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૫ જીવંતિકા પૂજન, શ્રી મહાલક્ષ્મી સ્થાપન અને પૂજન, નાગપંચમી, ઋકશુક્લ-યજુ-હિરણ્યકેશી શ્રાવણી તા.૯ ઓગષ્ટ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૪, હસ્ત નક્ષત્ર, સિધ્ધ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૨૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પડવા-વાગવાથી સંભાળવું. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
વૃષભ:ધાર્મિક ક્ષેત્રે ખર્ચનો પ્રસંગ બને. દામ્પત્ય જીવનમાં આનંદ રહે.
મિથુન:અધુરા કાર્યો પૂરા થાય. ભાગીદાર સાથે સંઘર્ષ રહે.
કર્ક: મિત્રો-વડીલોની મદદથી કાર્યમાં સફળતા મળે.
સિંહ: જીવનસાથી સાથે સંઘર્ષ થાય. શરીરમાં સુસ્તી જેવું અનુભવાય.
કન્યા: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. મનમાં વ્યર્થ ચિંતા સતાવે.
તુલા: વિરોધીઓથી સાવધ રહેવું. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક:ધંધાકીય બાબતમાં સફળતા મળેવી શકશો. ખર્ચથી દૂર રહેવું.
ધન: કાર્યબોજમાં હળવાશ અનુભવાય. મહેનત બાદ સફળતા મળે.
મકર: લાભની આશા ઠગારી નીવડે. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ: હિતશત્રુઓથી સાવધ રહેવું. માનસિક અશાંતિ દૂર થાય.
મીન: ગૃહવિવાદ ન થાય તે માટે સાવધ રહેવું. સંતાનન ચિંતા સર્જાય.

### રમત-ગમત મંત્રીએ ૩૦ લાખનો આપ્યો ચેક

# ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર પર રૂપિયાનો વરસાદ

## ભારતીય શૂટરે ઓલિમ્પિક ૨૦૨૪માં દેશ માટે પહેલો મેડલ જીત્યો હતો, તેણે દેશને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે

નવી દિલ્હી, તા.૯

ભારતીય શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં દેશ માટે પહેલો મેડલ જીત્યો હતો. તેણે દેશને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં અત્યાર સુધીમાં ત્રણ મેડલ જીત્યા છે અને ત્રણેય શૂટિંગમાંથી આવ્યા છે. રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં જ મનુ ભાકર સાથે મુલાકાત કરી એને તેમણે મુલાકાત દરમિયાન મનુ ભાકરને પ્રાઈઝ મનીનો ચેક પણ આપ્યો હતો. મનુ ભાકરે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી હતી. રમત-ગમત મંત્રી માંડવિયાએ પણ સોશિયલ મીડિયા પર આ પોસ્ટ શેર કરી છે.

ભારતને મહિલા પિસ્તોલ શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ અપાવનાર મનુ ભાકરને ૩૦ લાખ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ મનુ ભાકરને ચેક સોંપ્યો છે. તેમણે મનુ ભાકર માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને લખ્યું કે, પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બે બ્રોન્ઝ મેડલ જીતીને દેશ પરત ફરેલી દીકરી મનુ ભાકર સાથે આજે મુલાકાત કરી અને તેને ઐતિહાસિક જીત માટે અભિનંદન અને શુભકામના પાઠવી. મનુ ભાકરની આ સફળતા ભારતીય ખેલ જગતના કરોડો યુવાઓને પ્રેરણા આપશે. આખા દેશને તેમના પર ગર્વ છે.

તમને જણાવી દઈએ કે, મનુ ભાકરે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્યારબાદ ૧૦ મીટર એર પિસ્તલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ જીત્યો હતો. ભારતને ત્રીજો બ્રોન્ઝ સ્વપ્નિલે અપાવ્યો હતો.

### ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું

# આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## રાજ્ય પર ઓફશોર ટ્રફ સક્રિય થતા ૫ દિવસ હળવાથી મધ્યમ વરસાદ

અમદાવાદ,તા.૯

રાજ્યમાં આગામી ૭ દિવસ સાર્વત્રિક વરસાદ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્ય પર ઓફશોર ટ્રફ સક્રિય થતા ૫ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી રાજ્યમાં સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી રાજ્યમાં ૫૦૬ મિમી વરસાદ થયો છે. જે સામાન્ય કરતા ૧૫% ટકા વધુ છે. આજે ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે, અત્રે જણાવી દઈએ કે, આજે વરસાદની કોઈ વોર્નિંગ નથી પરંતુ તમામ જિલ્લામાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. અમદાવાજ શહેરમાં આગામી સાત દિવસ હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે. નવસારી, નવસાડ તેમજ બનાસકાંઠા અને મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા, વડોદરામાં સામાન્ય વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે.

### સાગઠિયાના રાજમાં બિલ્ડરોને લીલાલહેર !

# રાજકોટમાં ૨૦૦ કરોડ રૂા.ની જમીન ઉપર હાઈકોર્ટનો સ્ટે હોવા છતાં બિલ્ડિંગ બાંધી દેવાઈ

અમદાવાદ, તા.૯

રાજકોટ અગ્નિકાંડ બાદ તત્કાલીન ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠિયા હાલ જેલમાં બંધ છે. જો કે તેના સમયમાં થયેલા એક પછી એક ગેરકાયદે બાંધકામના કૌભાંડો સામે આવી રહ્યા છે ત્યારે સાગઠિયાનું વધુ એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલી આશરે ૨૦૦ કરોડની કિંમતની ૨૫૦૦૦ વાર જગ્યા જે વિવાદાસ્પદ છે અને તેમાં વર્ષ ૨૦૦૭થી હાઈકોર્ટનો સ્ટે હોવા છતાં બાંધકામ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ થયો છે. આ અંગે વિગતો જોઈએ તો રાજકોટના મિત કિશોરભાઈ સોરઠિયાએ જણાવ્યું હતું કે અમારી સંયુક્ત માલિકીની જમીન ૧૫૦ ફૂટ રિંગરોડ ઉપર ફોર્ચ્યુન હોટલની બાજુમાં છે, જયાં આશરે ૨૫,૦૦૦ વાર જગ્યા આવેલી છે. એ વર્ષ ૧૯૯૮થી વાંધાજનક જગ્યા છે. એમાં ૩,૦૦૦ વારમાં બિલ્ડિંગનો પ્લાન મંજૂર કરવામાં આવ્યો છે. આખું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૭થી ગુજરાત હાઈકોર્ટનો સ્ટે હોવાથી બાંધકામ કે વેચાણ માટે પ્રતિબંધિત કરવામાં આવેલી છે છતાં પ્લાન પાસ કરી બિલ્ડિંગ બનાવવામાં આવેલું છે. આ બાબતે મ્યુનિસિપલ કમિશનર અને તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાને અરજી આપી હતી, તેમ છતાં કોઈ પગલાં લેવાયાં નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જમીન ઉપર વર્ષ ૨૦૦૭થી સ્ટે છે અને એ પછી બિલ્ડિંગનો પ્લાન મંજૂર કરવામાં આવ્યો છે. અમને ન્યાયતંત્ર ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે, જેથી ૨૫ વર્ષથી કોર્ટમાં પ્રોસેસ કરી રહ્યા છીએ. આજે અધિકારીઓ અને પદાધિકારીઓ પોતાની સત્તાનો ખોટો ઉપયોગ કરી રહ્યા છે અને અમારા જેવા ખેડૂતોની જમીન ઉપર ખોટી રીતે પ્લાન પાસ કરી રહ્યા છે. આ જગ્યા ઉપર ૩૦૦૦ વારમાં ધ ડેસ્ટીની બિલ્ડિંગ આવેલું છે, જે ગ્રીષ્મા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શ્રીજી ડેવલપર્સ દ્વારા બનાવવામાં આવેલું છે, જે જામનગરના રાજકીય લોકોએ બનાવેલું છે. આ શિલ્પન ગ્રૂપનું છે. તેમણે વધુમાં જણાવ્યું છે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે આ જગ્યાના મુખ્ય માલિક અમારા દાદા અરજણભાઈ રામજીભાઈ સોરઠિયા છે. આ સાથે જ અગાઉ આ બાબતે વેસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં અરજી આપી હતી, પરંતુ કોઈપણ પ્રકારના એક્શન હજુ સુધી લેવામાં આવ્યાં નથી. આ બિલ્ડિંગ નામાંકિત આયુષ હોસ્પિટલને ભાડે આપવામાં આવેલું છે. નવા મ્યુનિસિપલ કમિશનરને અરજી આપી છે. ૩,૦૦૦ વારમાં બિલ્ડિંગ ગેરકાયદે છે. ઉપરાંત બાજુમાં વંડા કાર માટે ભાડે આપવામાં આવેલા છે.

# દહેજની ફાર્મા કંપનીમાં દવાઓની આડમાં ડ્રગ્સનું રો-મટીરિયલ બનાવવાનું કૌભાંડ

ભરૂચ, તા.૯

ભરૂચ જિલ્લામાં ફરી એક વાર ડ્રગસના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. ગુજરાત એ.ટી.એસ.એ દહેજમાં આવેલ એલાયન્સ કંપનીમાં દોરડા પાડી ડ્રગ્સમાં વપરાતા રો-મટીરીયલનો કરોડો રૂપિયાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભરૂચ જિલ્લામાં ફરી એકવાર ફાર્માસ્યુટિકલ કંપનીમાં જીવન રક્ષક દવાઓ બનાવવાની આડમાં ડ્રગ્સનું રો-મટીરીયલ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ અંગે મળતી વિગતો અનુસાર ગુજરાત એટીએસ અને ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા દહેજ જીઆઈડીસીમાં આવેલ એલાયન્સ કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાંથી એમ.ડી.ડ્રગ્સની બનાવટમાં ઉપયોગમાં લેવાતું કરોડો રૂપિયાનું રો મટીરીયલ ઝડપાયું હતું. પોલીસે આ રો-મટીરીયલનો જથ્થો એફ.એસ.એલ.માં ચકાસણી અર્થે મોકલી આપ્યો છે.આ મામલામાં NDPS એક્ટ હેઠળ પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અગાઉ અંકલેશ્વરમાંથી ડ્રગસ બનાવતી આખેઆખી ફેક્ટરી ઝડપાઈ હતી. જયાંથી પણ કરોડો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો ત્યારે વધુ એકવાર ભરૂચ જિલ્લામાંથી ડ્રગસના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે.

### અફઘાનિસ્તાન, શ્રીલંકા, પાકિસ્તાન અને હવે બાંગ્લાદેશ

# એશિયાઈ દેશોમાં લોકશાહી કેમ મરી રહી છે ?

**પાડોશી દેશ પાકિસ્તાનના રાજકારણના પ્રખ્યાત નિષ્ણાત ડો.ચાર્લ્સ એચ. કેનેડીએ એક લોકપ્રિય લેખ લખ્યો હતો**

નવી દિલ્હી, તા.૯

પાડોશી દેશ પાકિસ્તાનના રાજકારણના પ્રખ્યાત નિષ્ણાત ડો.ચાર્લ્સ એચ. કેનેડીએ એક લોકપ્રિય લેખ લખ્યો હતો. તેનું શીર્ષક હતું, 'એ યુઝર્સ ગાઈડ ટુ ગાઈડેડ ડેમોક્રેસી'. આ લેખમાં તેમણે વ્યંગાત્મક રીતે ૧૦ પગલાંની રૂપરેખા આપી છે જે પાકિસ્તાનના કોઈપણ નવા શાસકને તેમના શાસનને મજબૂત કરવામાં મદદ કરી શકે છે. ખાસ કરીને જેનો ઉપયોગ પાકિસ્તાનના લગભગ તમામ લશ્કરી સરમુખત્યારો કરતા હતા. આ લેખ ૧૯૪૭થી શરૂ થતાં પાકિસ્તાનના ઈતિહાસ ઉપર આધારિત હતો અને તેમાં ૧૯૫૮, ૧૯૭૮ અને ૧૯૯૯માં પાકિસ્તાનમાં થયેલા તમામ લશ્કરી બળવાની વાર્તા છે. ખાસ વાત એ છે કે, તખ્તાપલટ બાદ તમામ સૈન્ય શાસકોએ જે વ્યૂહરચનાનો ઉપયોગ કર્યો હતો તે લગભગ એકસરખો હતો. આમાં રાજકીય વિરોધીઓને હેરાન કરવા, બંધારણ સાથે છેડછાડ, સરકારી પ્રણાલીમાં છેડછાડ અને માત્ર પોતાની સુરક્ષા માટે કાયદાનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. દેખીતી રીતે પાકિસ્તાની પ્રજા આ લશ્કરી શાસનોથી પરેશાન છે, પરંતુ તેમ છતાં પાકિસ્તાન એક એવા દેશનું ઉદાહરણ છે જ્યાં ઘણી વખત તખ્તાપલટ થઈ ચૂકી છે અને વર્તમાન પરિસ્થિતિમાં પણ તેનો ડર યથાવત્ છે. સવાલ એ થાય છે કે, લશ્કરી શાસનની સ્થિતિ જોયા અને સમજવા છતાં બળવો કેમ થાય છે ? આજે આ પ્રશ્ન એટલા માટે પણ હાજર છે કારણ કે, ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં જે એક સમયે પાકિસ્તાનનો ભાગ હતો, ત્યાં ફરી એકવાર બળવો થયો. જો કે, પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશનો ઈતિહાસ પણ તખ્તાપલટોનો રહ્યો છે. સોમવારે બાંગ્લાદેશના વડાંપ્રધાન રહેલા શેખ હસીનાએ હિંસક વિરોધ વચ્ચે રાજીનામું આપવું પડ્યું હતું અને પરિસ્થિતિ એવા તબક્કે પહોંચી હતી કે, તેમને દેશ છોડવો પડ્યો હતો. પૂર્વ પીએમ શેખ હસીના અને બાંગ્લાદેશ આજે જે સ્થિતિમાં છે, તે દક્ષિણ એશિયાના ઘણા દેશોની સ્થિતિ છે, જેમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન તેમજ મ્યાનમાર, અફઘાનિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. સવાલ એ છે કે, આ દેશોમાં માંગ અને જરૂરિયાત હોવા છતાં લોકશાહી કેમ મરી જાય છે ? પ્રશ્ન એ છે કે, બળવો આટલી સરળતાથી કેવી રીતે થાય છે ? ચાલો આપણે પાકિસ્તાન પાછા જઈએ. અહીં લોકશાહીનો બહુ બગાડ થાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, ૧૯૪૭માં ભારતના ભાગલા પછીથી અહીં સૈન્ય હસ્તક્ષેપ સત્તામાં છે અને આ પાડોશી દેશે ઘણા દાયકાઓ લશ્કરી શાસન હેઠળ વિતાવ્યા છે. આજ સુધી પાકિસ્તાનના ઈતિહાસમાં એક પણ વડાપ્રધાને પોતાનો કાર્યકાળ પૂરો કર્યો નથી અથવા તો તેમને આવું કરવા દેવામાં આવ્યું નથી. કાં તો સેના સત્તામાં રહી છે અથવા સત્તામાં રહીને સેના એવી ભૂમિકા ભજવે છે કે સરકાર અને ખુદ અધિકારીઓએ પણ સેનાની સાથે મળીને કામ કરવું પડે છે. આઝાદી બાદથી સેનાએ પ્રભુત્વનો એવો અહેસાસ કરાવ્યો છે કે, પડોશી દેશના લોકો તેમાંથી મુક્ત થઈ શક્યા નથી. બીબીસીના એક રિપોર્ટમાં લંડનની કિંગ્સ કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટરી સ્ટડીઝની વરિષ્ઠ ફેલો અને પાકિસ્તાની બાબતોના વિશ્લેષક આયશા સિદ્દીકી કહે છે, પાકિસ્તાન માટે સુરક્ષાનો મુદ્દો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. આ જ કારણ છે કે, અહીં સેનાને શરૂઆતથી જ મહત્ત્વ મળ્યું છે પછી ધીમે-ધીમે તે એવી સ્થિતિમાં આવી ગઈ જ્યાં તે રાજકારણને પ્રભાવિત કરી શકે.

## ભારતનું ફોરેક્સ રિઝર્વ ૬૭૦.૮૬ અબજ ડોલર સાથે અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ


(એજન્સી) તા.૯

બે સપ્તાહમાં ૧૪૯૦ કરોડ ડોલરની સંચિત વૃદ્ધિ પછી આ સપ્તાહ દરમ્યાન અનામતમાં ૪૦૦ કરોડ ડોલરનો વધારો થયો હતો. ફોરેક્સ રિઝર્વમાં વધારો એ અર્થતંત્રના મજબૂત ફંડામેન્ટલ્સને પ્રતિબિંબિત કરે છે અને જ્યારે તે અસ્થિર થાય ત્યારે આરબીઆઈને રૂપિયાને સ્થિર કરવા માટે વધુ તક આપે છે. મજબૂત ફોરેક્સ RBIને રૂપિયાને ડાઉનમાં જવાથી રોકવા માટે વધુ ડોલર મુક્ત કરીને સ્પોટ અને ફોરવર્ડ કરન્સી માર્કેટમાં હસ્તક્ષેપ કરવા સક્ષમ બનાવે છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે તાજેતરમાં કહ્યું હતું કે, ભારતનું બાહ્ય ક્ષેત્ર સ્થિતિ સ્થાપક છે અને એકંદરે RBI દેશની બાહ્ય ધિરાણની જરૂરિયાતોને આરામથી પૂરી કરવામાં વિશ્વાસ રાખે છે. ભારતની વર્તમાન એકાઉન્ટ ડેફિસિટ (CAD) ૨૦૨૩-૨૪ દરમ્યાન ઘટીને ૨૩૨૦ કરોડ ડોલર (જીડીપીના ૦.૭ ટકા) થઈ ગઈ છે જે પાછલા વર્ષ દરમ્યાન ઓછા મર્ચેન્ડાઈઝ વેપાર ખાધને કારણે ૬૭૦૦ કરોડ ડોલર (જીડીપીના ૨.૦ ટકા) હતી. જર્મન SMEs ભારત ઉપર નજર રાખે છે અને જર્મનીના નાના અને મધ્યમ કદના સાહસો (SMEs) ભારતમાં તેમની સપ્લાય ચેઈનને વધુને વધુ વિસ્તરણ કરવા માગે છે. યુએસ બિઝનેસ લોકેશન તરીકે લોકપ્રિયતા ગુમાવી રહ્યું છે ત્યારે લગભગ ૪૦ ટકા જર્મન SMEs તેમની સપ્લાય ચેઈનનું પુનઃ ગઠન કરવાની યોજના બનાવી રહ્યા છે. ૫.૪૩ કરોડ ડોલરનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી મોટી કંપનીઓ ભારત સાથે વેપાર સંબંધોને વિસ્તારવાનું વિચારી રહી છે. લગભગ ૧૫ ટકા જર્મન SMEs આગામી પાંચ વર્ષમાં તેમની સપ્લાય ચેઈનને વિસ્તારવા માટે ભારત તરફ વળવાની યોજના ધરાવે છે, ભારત 'SMEs માટે તેમની સપ્લાય ચેઈનને ફરીથી ગોઠવવા માટે સૌથી રસપ્રદ બિન-યુરોપિયન દેશ બની ગયો છે'. ઘણી કંપનીઓએ વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં મજબૂત વૃદ્ધિને માન્યતા આપી છે. પાંચમી માર્ચ અને ૨જી એપ્રિલની વચ્ચે કરવામાં આવેલા પ્રતિનિધિ સર્વેક્ષણ મુજબ ચીન એસએમઈમાં ફરી લોકપ્રિયતા મેળવી રહ્યું છે. ભારત અને દક્ષિણ- પૂર્વ એશિયા વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે. ઓછા ઊર્જા ખર્ચ અને જંગી સબસિડી સાથે વર્ષોથી જર્મન વ્યવસાયો આવી રહ્યા છે અને યુનાઈટેડ સ્ટેટ્સ પોતાનું મહત્ત્વ ગુમાવી રહ્યું છે. સર્વેક્ષણ અનુસાર માત્ર ૧૨ ટકા જ ઉદ્યોગો યુ.એસ. ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના ધરાવે છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે, લગભગ ૯ ટકા લોકો યુએસમાંથી તેમની કામગીરી સંપૂર્ણપણે પાછી ખેંચી લેવા માંગે છે. ભારત સોલાર પેનલ્સ અને બેટરી મેન્યુફેક્ચરિંગ જેવા બિન-સંવેદનશીલ ક્ષેત્રોમાં ચાઈનીઝ રોકાણ ઉપરના નિયંત્રણો હળવા કરે તેવી શક્યતા છે. સરકાર એવા ક્ષેત્રોને ચાઈનીઝ રોકાણ માટે મુક્ત કરવાની યોજના ધરાવે છે જેને તે સુરક્ષાના દૃષ્ટિકોણથી ઓછા સંવેદનશીલ ગણે છે. આ યોજનાઓ બે પડોશીઓ વચ્ચેના આર્થિક સંબંધોને સુધારવાનું પ્રથમ પગલું છે. પરંતુ ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમમાં ચીનના રોકાણ ઉપર અંકુશ ચાલુ રહેશે. ટોચના સરકારી અધિકારીઓ છેલ્લા કેટલાક મહિનામાં ચીની રોકાણ સામેના તેમના વલણની સમીક્ષા કરવા કહ્યું છે કારણ કે, વિદેશી રોકાણ ઘટીને ૧૭ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયું છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણનું ચીન સાથે વધુ સારા આર્થિક સંબંધોનું સમર્થન મોદી સરકારમાં કેબિનેટ પ્રધાન દ્વારા કરવામાં આવેલી પ્રથમ જાહેર ટિપ્પણી હતી.

### આરોગ્ય વિષયક માપદંડોમાં ૧૦૦માંથી ૯૦ ગુણ મેળવી ગુજરાત ટોપ ઉપર

# નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલ SDG ઈન્ડેક્ષમાં દેશમાં ગુજરાતે પ્રથમ ક્રમ મેળવ્યો

**વર્ષ ૨૦૧૮માં ગુજરાતનો સ્કોર બાવન હતો : સતત બીજી વાર પ્રથમ ક્રમ**




ગાંધીનગર, તા.૯

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ઈન્ડેક્સનો ચોથો રિપોર્ટ રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત રાજ્યએ ગોલ નંબર ત્રણ આરોગ્ય અને સુખાકારીમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજા વર્ષે પ્રથમ રેન્ક મેળવી ઉચ્ચસ્થાન હાંસલ કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધી માટે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના તમામ હેલ્થકેર વર્કસની ફરજનિષ્ઠાને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સિધ્ધિ રાજ્યના તમામ હેલ્થકેર વર્કર્સના પ્રયાસોને સમર્પિત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ અંતર્ગત નીતિ આયોગ દ્વારા વિશ્વ કક્ષાએ નક્કી કરેલા વિકાસના ૧૭ ગોલમાં તમામ રાજ્યો અને યુનિયન ટેરિટરીઝમા પ્રગતિનુ આલેખન વિવિધ સૂચકાંકોમાં સિધ્ધિઓનું સ્કોરીંગ કરી સાપેક્ષ રેન્ક મારફતે પ્રસિદ્ધ કરે છે. નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૮માં સૌ પ્રથમ એસડીજી ઈન્ડેક્સનો રિપોર્ટ પ્રસિદ્ધ કરાયો હતો. વર્ષ ૨૦૧૮માં ગુજરાત રાજ્ય દ્વારા એસડીજીના આરોગ્યના ગોલમાં પરનો સ્કોર હતો. જે વર્ષ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમા ૯૦એ પહોંચ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય પ્રત્યેની કટિબદ્ધતા તેમજ પ્રજાલક્ષી નીતિઓ તથા આરોગ્ય સેવાઓ અને યોજનાઓના અસરકારક અમલીકરણના પરિણામે જ એસડીજી ગોલના સ્કોરમા સતત સુધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ના બીજા રીપોર્ટમાં આરોગ્યના ગોલના સ્કોરમાં વધારો થઈ ૬૭ સ્કોર સાથે ગુજરાત રાજય ૧૭થી ૮માં રેન્ક પર રહ્યું હતું. ત્યાર બાદ એસડીજી ઈન્ડેક્સના ત્રીજા રીપોર્ટમા ૮૬ના સ્કોર સાથે ગુજરાત રાજય સમગ્ર દેશમાં રાજયની શ્રેણીમાં પ્રથમ રેક્ર પર પહોંચી ગયું હતું. આજે વર્ષ ૨૦૨૩-૨૪ના રીપોર્ટમાં ગુજરાત સમગ્ર ભારતમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજી વાર પ્રથમ રેન્ક ઉપર રહ્યું છે . એટલું જ નહીં પણ ભારતનો સ્કોર જયારે ૭૭ છે ત્યારે ગુજરાતનો સ્કોર ૯૦ રહ્યો છે. આ રેક્િંગ માટે આરોગ્ય અને સુખાકારીના સંદર્ભે ૧૧ જેટલા આરોગ્ય વિષયક માપદંડોની સમીક્ષા કરવામાં આવે છે. જેમાં માતા મૃત્યુદર, પાંચ વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર, બાળકોનું રસીકરણ, સંસ્થાકીય પ્રસૂતિ, ટીબીના કેસોની નોંધણી, HIVના કેસ, અનુમાનિત આયુષ્ય, રોડ અસકસ્માતને કારણે મૃત્યુદર, આત્મહત્યા દર, આરોગ્ય કર્મચારીઓનું પ્રમાણ અને ખિસ્સા બહારના આરોગ્ય ખર્ચ વગેરનો સમાવેશ થાય છે. અગાઉ પ્રસિદ્ધ થયેલ સસ્ટેનેબલ ગોલ ઈન્ડેક્ષમાં આરોગ્ય વિષયક માપદંડોમાં ગુજરાતની સ્થિતિ અને આ વર્ષની સ્થિતિની સરખામણી કરતા માતા મૃત્યુદર ૭૫ (SDG ઈન્ડેક્સ ૩)થી ઘટીને ૫૭ (SDG ઈન્ડેક્સ ૪) થયો છે. જ્યારે પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો મૃત્યુદર ૩૧ (SDG ઈન્ડેક્સ ૩)થી ઘટીને ૨૪ (SDG ઈન્ડેક્સ ૪) થયો. ૯-૧૧ વર્ષના બાળકોમાં રસીકરણનો વ્યાપ ૮૭ (SDG ઈન્ડેક્સ ૩)થી વધીને ૯૫.૯૫ (SDG ઈન્ડેક્સ ૪) થયો . વધુમાં દેશમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલની સરેરાશ સ્થિતિની સાપેક્ષે ગુજરાતની સરખામણી કરતા દેશમાં સરેરાશ આયુષ્ય ૭૦ ની સામે ગુજરાતમાં ૭૦.૫ વર્ષ છે. દેશમાં સંસ્થાકીય પ્રસુતિ સરેરાશ ૯૭.૧૮ ટકાની સામે ગુજરાતમાં ૯૯.૯૪ ટકા, સરેરાશ માતા મૃત્યુદર ૯૭ ની સામે ગુજરાતમાં ૫૭ અને ૧૦ હજાર એ હેલ્થકેર વર્કર્સની ઉપલબ્ધતામાં દેશમાં ૪૯.૪૫ની સામે ગુજરાતમાં ૫૫.૫૬નું સંખ્યાબળ ઉપલબ્ધ છે.

# 'એકહથ્થુ શાસન માટે દબાણ કરનારાઓ માટે બોધપાઠ' બાંગ્લાદેશની અશાંતિ અંગે પત્રકાર રાજદીપ સરદેસાઈનું મંતવ્ય

મુંબઈ તા.૯

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં હિંસક વિરોધ બાદ સત્તાપલટો થયો હતો. વડાપ્રધાન શેખ હસીનાને તેમની ક્વોટા નીતિ વિરૂધ્ધ દેશવ્યાપી પ્રદર્શનો વચ્ચધ્ રાજીનામું આપીને ભાગી જવાની ફરજ પડી હતી. બાંગ્લાદેશમાં આ ઉથલપાથલ ઉપર ઘણી અગ્રણી હસ્તીઓએ તેમના મંતવ્યો વ્યક્ત કર્યા છે. વરિષ્ઠ પત્રકાર અને ન્યૂઝ એન્કર રાજદીપસર દેસાઈએ પણ આ પરિસ્થિતિ ઉપર તેમના મંતવ્યો શેર કર્યા છે. બાંગ્લાદેશમાં સરકારની નિષ્ફળતા ઉપર ટિપ્પણી કરતા, રાજદીપે કહ્યું કે, "મોટાભાગે આ એક એવા નેતા સામે લોકોનો બળવો છે જે કહેવાતા 'ચૂંટાયેલા' હતા અને સત્તામાં નિરંકુશ બની ગયા હતા અને તમામ પ્રકારનીઅસંમતિને કચડી નાખવા માંગતા હતા. આપણાં પાડોશમાં એક દેશ કે જેનું નેતૃત્વ મોટાભાગના મુદ્દાઓ ઉપર ભારત સરકારની જેમ જ હતું. તેમના વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશમાંથી ભાગી ગયા છે, અને આર્મી ચીફ કહે છે કે તે 'સંમતિ સાથે વચગાળાની સરકાર બનાવશે.' અમારી લોકશાહીમાં ખામીઓ છે, ઓછામાં ઓછું અમારી સેના બેરેકમાં રહે છે અને દરેક સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી પછીનું શાંતિપૂર્ણ સંક્રમણ જોવા મળે છરાજદીપે X પોસ્ટમાં જણાવ્યું હતું કે, આશા છે કે, બાંગ્લાદેશ પણ એક મુક્ત અને ન્યાયી મતદાન દ્વારા શાસન કરવાનો માર્ગ શોધી કાઢશે, બુલેટ અને હિંસા દ્વારા નહીં. આ એક એવા નેતા વિરૂધ્ધ લોકોનાધ્ બળવો છે કે કહેવાતા 'ચૂંટાયેલા' હતા અને નિરંકુશ બનીને અસંમતિના તમામ સ્વરૂપોને કચડી નાખવા ઈચ્છતા હતા અને તેઓ એકહથ્થુ શાસન માટે દબાણ કરવા માગે છે. અહેવાલો અનુસાર, નવી દિલ્હી ઢાકાની પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યું છે. બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને કહ્યું છે કે દેશનું નેતૃત્વ કરવા માટે વચગાળાની સરકારની રચના કરવામાં આવશે.

## બ્રિટનમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ વિરોધ પ્રદર્શનમાં હિંસા ફાટી નીકળી

લંડન, તા.૯

બ્રિટનમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ શરૂ થયેલા વિરોધ પ્રદર્શનમાં ફાટી નીકળેલી હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. રસ્તાઓ ઉપર ઈમિગ્રન્ટ વિરોધી જમણેરી જૂથોના ટોળાં છે અને અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દરમ્યાન વડા પ્રધાન કીર સ્ટારર વિરોધીઓ સાથે કામ કરવા માટે સેના તૈનાત કરવાની તૈયારી કરી રહ્યા છે. બ્રિટિશ વડા પ્રધાને જણાવ્યું હતું કે, રમખાણોનો સામનો કરવા માટે પોલીસની સ્થાયી સૈન્ય તૈનાત કરવામાં આવશે અને ગયા અઠવાડિયે દેશભરમાં હિંસક અશાંતિ પછી સેંકડો ધરપકડોને નિયંત્રિત કરવા માટે કાયદાકીય પ્રણાલીમાં ફેરફાર કરવામાં આવશે. દેશભરમાં ફેલાયેલી અરાજકતા પછી સ્ટારમેરે તાત્કાલિક મીટિંગ બોલાવી. તેણે રમખાણો માટે જમણેરી ગુંડાઓને જવાબદાર ઠેરવ્યા છે. નોંધનીય છે કે બ્રિટનમાં ડાન્સ ક્લાસમાં છરી વડે હુમલામાં ત્રણ છોકરીઓના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. જો કે, ભીડ પાછળથી હિંસક બની ગઈ જ્યારે સોશિયલ મીડિયા ઉપર એવી અફવા ફેલાઈ કે શંકાસ્પદ વ્યક્તિ મુસ્લિમ શરણાર્થી છે. આ પછી ગુસ્સે ભરાયેલા ટોળાએ ઈમિગ્રન્ટ્સ અને મસ્જિદો ઉપર હિંસક હુમલા કર્યા હતા. સ્ટારમેરે કહ્યું, "કારણ ગમે તે હોય, આ વિરોધ નથી. આ હિંસા છે અને અમે મસ્જિદો અથવા અમારા મુસ્લિમ સમુદાયો ઉપરના હુમલાને સહન કરીશું નહીં. અરાજકતાને ઉશ્કેરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે." ઈન્સ્ટિટ્યૂટ ફોર ગવર્નમેન્ટ થિંક ટેન્કના વરિષ્ઠ સંશોધક કેસિયા રોલેન્ડે જણાવ્યું છે કે ફોજદારી ન્યાય પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને તાત્કાલિક ન્યાય પ્રદાન કરવાની સ્ટારમરની યોજના ઘણા પડકારોનો સામનો કરે છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાયાં

નવીદિલ્હી, તા.૯

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી અને કહ્યું કે ભારત એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છે. "ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ માવાલીલી કાટોનીવેરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી' એવોર્ડ અર્પણ કર્યો," રાષ્ટ્રપતિ કાર્યાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ ફિજીનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે." ફિજીની બે દિવસની મુલાકાતે આવેલા મુર્મુએ આ સન્માનને ભારત અને ફિજી વચ્ચેના "મૈત્રીના ગાઢ બંધનોનું પ્રતિબિંબ" ગણાવ્યું હતું. દ્વીપસમૂહ રાષ્ટ્રની ભારતીય રાજયના વડાની આ પ્રથમ મુલાકાત છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ફિજીની સંસદને પણ સંબોધિત કરી હતી. "જેમ કે ભારત વૈશ્વિક મંચ ઉપર મજબૂત રીતે ઉભરી રહ્યું છે, અમે એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે તમારી પ્રાથમિકતાઓને અનુરૂપ ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છીએ," તેમણે કહ્યું. ચાલો આપણે આપણા બે પ્રિય દેશોના લોકોના પરસ્પર લાભ માટે અમારી ભાગીદારીની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે એકસાથે આવીએ." તેમણે કહ્યું કે કદમાં વિશાળ તફાવત હોવા છતાં, ભારત અને ફિજીમાં વાઈબ્રન્ટ લોકશાહી સહિત ઘણું સામ્ય છે . તેમણે યાદ કર્યું કે લગભગ ૧૦ વર્ષ પહેલા આ જ હોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ફિજીને જોડતા કેટલાક મુખ્ય મૂલ્યોનો મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, "આમાં આપણી લોકશાહી, આપણા સમાજની વિવિધતા, તમામ માનવ સમાન છે તેવી અમારી માન્યતા અને દરેક વ્યક્તિની સ્વતંત્રતા, ગૌરવ અને અધિકારો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. આ વહેંચાયેલ મૂલ્યો કાલાતીત છે અને અમને માર્ગદર્શન આપતા રહેશે," તેણીએ કહ્યું, "અહીં મારા ટૂંકા સમયમાં, હું જોઈ શકું છું કે બાકીના વિશ્વને ફિજી પાસેથી ઘણું શીખવાનું છે. ફિજીની સૌમ્ય જીવનશૈલી, પરંપરાઓ અને રિવાજો માટે ઊંડો આદર, ખુલ્લું અને બહુ સાંસ્કૃતિક વાતાવરણ એ જ ફિજીને વિશ્વમાં વધુને વધુ સંઘર્ષમાં ઘેરાયેલું વિશેષ બનાવે છે. તેમાં કોઈ અજાયબી નથી કે ફિજી જ્યાં વિશ્વના બાકીના લોકો તેમની ખુશી શોધવા આવે છે." તેમણે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે સુવામાં સ્થપાઈ રહેલી 'સુપર સ્પેશિયાલિટી કાર્ડિયોલોજી હોસ્પિટલ' સહિતના નવા પ્રોજેક્ટ લોકો માટે પ્રાથમિકતા હશે. ફિજી અને વિશાળ પેસિફિક ક્ષેત્રની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે. અગાઉ, રાષ્ટ્રપતિ મુર્મુનું રાષ્ટ્રપતિ કાટોનીવેરે 'સ્ટેટ હાઉસ' ખાતે સ્વાગત કર્યું હતું જયાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. "સ્ટેટ હાઉસ ખાતે, રાષ્ટ્રપતિ મુર્મુએ 'સોલરાઈઝેશન ઓફ હેડ્સ ઓફ સ્ટેટ રેસિડેન્સીસ' પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી," તેમની ઓફિસે 'X' ઉપરની પોસ્ટમાં જણાવ્યું હતું.

### દેવભૂમિ દ્વારકા જીલ્લાની પ્રાકૃતિક સંપદામાં ઉમેરાયું વધુ એક મોરપંખ...

# દેવભૂમિ દ્વારકા જીલ્લાને દ્વિતીય સાંસ્કૃતિક વન "હરસિદ્ધિ વન"ની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**‘એક પેડ માં કે નામ’ અભિયાન વેગવંતુ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ક્રિષ્ન વડ વૃક્ષનું વૃક્ષારોપણ કરી પ્રકૃતિની મહત્તાનો આપ્યો પ્રેરક સંદેશો**

**શ્રી કૃષ્ણ ઉપવન, આયુષવન, વન કવચ, સેલ્ફી પોન્ટ, ગઝેબો, ગૂગલ વન સહિતની સુવિધાઓ બનશે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર**










(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા. ૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાની પ્રાકૃતિક વિરાસતમાં વૃદ્ધિ કરતા ગાંધવી ખાતે હરસિદ્ધિ વનનું લોકાર્પણ કરતા વન મહોત્સવનો રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો છે. પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કંડારાયેલી સાંકૃતિક વનોના નિર્માણની શ્રૃખંલામાં પ્રસિદ્ધ દર્શનીય સ્થળ હર્ષદ નજીક નિર્મિત હરસિદ્ધિ વન ૨૩મું ઉપવન છે.

મુખ્યમંત્રી શ્રી આજે દેવભૂમિ દ્વારકાની મુલાકાતે પહોંચ્યા હતા. જયાં તેમણે રાજ્યના વન વિભાગ દ્વારા ૦૫ હેકટરમાં નિર્માણ પામેલા હરસિદ્ધિ વનનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરી તેની મુલાકાત લીધી હતી અને સેરેમોનીયલ ગાર્ડન ખાતે ક્રિષ્ન વડનું સ્થાપન કર્યું હતું.

ઉપરાંત પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા સહિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી નાગરિકોને મહત્તમ વૃક્ષોનું વાવેતર કરવા પ્રેરિત કર્યા હતા.

દ્વારકાથી સોમનાથ જતાં પ્રવાસીઓ માટે બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે સાબિત થનારા હરસિદ્ધિ વનમાં મુખ્ય આકર્ષણના કેન્દ્રો જોઈએ તો મુખ્ય પ્રવેશ દ્વાર, પ્રવેશ પરિસર, હરસિદ્ધિ માતાજી સાંસ્કૃતિક વાટીકા, સેરેમોનીયલ ગાર્ડન, શ્રી કૃષ્ણ ઉપવન, શ્રી કૃષ્ણ કમળ વાટિકા વગેરે જેવા સાંસ્કૃતિક આકર્ષણોનું નિમાર્ણ કરવામાં આવ્યું છે.

આ વનમાં મુખ્ય વન તરીકે સ્વાગત વાટીકા, આયુષવન, વન કવચ, વાઈલ્ડ લાઈફ ઝોન, તાડ વાટીકા, પવિત્ર ઉપવન, સ્ટોન મેઝ ગાર્ડન, સ્ટોન થેરાપી વોક વે, ગુગલ વન, કેકટસ વાટીકા વગેરે જેવા વનોનું નિમાર્ણ કરવામાં આવ્યુ છે.

ઉપરાંત બાળ વાટિકા, સેલ્ફી પોઈન્ટ ગાર્ડન, બીચ થીમ સીટીંગ એરીયા, મેડીટેશન, ગઝેબો, સનસેટ પોઈન્ટ પ્રવાસીઓને આકર્ષિત કરશે. પર્યટકોની સુગમતા ધ્યાને લઈ પાર્કીંગ એરીયા, ટોઈલેટ અને પીવાના પાણી, રોપા વેચાણ કેન્દ્ર જેવી જન સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.


આ વનમાં સ્થાનિક પ્રજાતિના વૃક્ષો જેવા કે વડ, પીપળો, પ્રાગ વડ, દરિયાકાંઠે ઉછરી શકે તે માટે તેને અનુરૂપ રોપાઓ પીલું, નાળીયેર, બદામ, અરણી વગેરે વૃક્ષો પણ ઉછેરવામાં આવેલા છે. વનમાં વિવિધ પ્રજાતિના અંદાજિત ૪૧૬૧૯ રોપાઓનું વાવેતર કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના મહાન સપૂત અને તત્કાલીન કેન્દ્રીય મંત્રી સ્વ.શ્રી કનૈયાલાલ મુન્શીજીએ વન મહોત્સવની શરૂઆત કરાવી હતી. ભારતીય સંસ્કૃતિ પ્રાચીન કાળથી જ પ્રકૃતિનો મહિમા અનેરો છે. સ્વ.કનૈયાલાલ મુન્શીજીના પર્યાવરણ સંવર્ધનના અભિયાનને દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આગળ ધપાવતા વન મહોત્સવના ઉત્સવને સંસ્કૃતિના મહાત્મય ઉજાગર કરવાના ઉમદા આશયથી સાંસ્કૃતિક વનોના નિર્માણની અનોખી પરંપરાની શરૂઆત કરાવી હતી. પરંપરાના પથને આગળ ધપાવતા ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવનિર્મિત દ્વિતીય સાંસ્કૃતિક વન "હરસિદ્ધિ વન"ની ભેટ આપી છે.

ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગાંધવી ખાતે નવનિર્મિત "હરસિદ્ધિ વન" એ દેવભૂમિ દ્વારકા જિલ્લાનું દ્વિતીય સાંસ્કૃતિક વન છે. આ પૂર્વે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જિલ્લાને નાગેશ વનની ભેટ આપી છે. જેને પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતાં સ્થાનિક માટે ઉન્નતિનો માર્ગ ખુલશે. આ તકે પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ ઓડેદરા તેમજ વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સોમનાથ નગરના શિવાલયમાં નંદીની વિશિષ્ટ પ્રતિમા





(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ પાટણ તા. ૯

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવના નગર પ્રભાસ પાટણમાં મેઈન બજાર રોડ, તાલુકા શાળા પાસે નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર ભગવાનનું મંદિર ઠાકોર મંદિર સંકુલમાં આવેલ છે. આ મંદિરમાં શિવલીંગ સ્વરૂપે નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવ- પ્રાચીન વર્ષોથી બિરાજમાન છે. હવે મુળ વાત કરીએ તો સામાન્ય રીતે દેશ-વિદેશના કોઈપણ શિવમંદિરમાં જાવ તો નંદીની પ્રતિમા શિવજી સન્મુખ હોય અને નંદીનું મુખ શિવજી તરફ જ હોય. પરંતુ પ્રભાસ પાટણના આ મંદિરમાં નંદીની પ્રતિમા શિવજી તરફ તો છે જ પરંતુ તેનું મુખ શિવજી તરફ નથી. એટલે કે નંદી પોતાનું મુખ ગરદન આસપાસ વાળી બેસેલ દેખાય છે. મંદિરની આ નંદી પ્રતિમા વર્ષો જુની બદલવાની થતા મુળ આકાર અને તેવીજ પ્રતિમા ફરી શાસ્ત્રોકત રીતે સ્થાપના કરાઈ છે. નંદીની આ વિશિષ્ટતા અંગે કોઈ વાત તો મળતી નથી પરંતુ કેટલાક લોકોનું માનવું છે તે તે યુગના શિલ્પકારની કલ્પના અભિવ્યક્તિ છે. તો શ્રધ્ધાળુ કેટલાકનું માનવું છે કે, નંદીજી શિવથી રીસાયા હોય એટલે હેત-ભક્તિની રીત-મનામણા પણ હોઈ શકે. આમ ભલે નંદીનું મુખ શિવજી તરફ ન હોય પરંતુ પારિવારીક હેત ભક્તિનો જ છે.

## ઉનાની શાહ એચ.ડી. હાઈસ્કુલ ખાતે તાલુકા યુવા મહોત્સવ-૨૦૨૪ સંપન્ન




ઉના તા. ૯

શાહ એચ.ડી.હાઈસ્કૂલ, ઊના દ્વારા તા.૬-૮-૨૪ના રોજ તાલુકા કક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરાયેલ હતું. આ કાર્યક્રમમાં ૨૧ જેટલી અલગ-અલગ સ્પર્ધાઓમાં ૧૨૭ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને તાલુકા યુવા ઉત્સવ, કન્વીનર અને શાહ એચ.ડી.હાઈસ્કૂલ- ઊનાનાં આચાર્ય ડો.કે.જે.ગોસ્વામી, ઊના તાલુકા કે.મં.નાં પ્રમુખ જીતુભાઈ શેઠ, ખજાનચી સૂર્યકાંતભાઈ ગાંધી, ટ્રસ્ટી ચંદ્રેશભાઈ(રાધેભાઈ)જોશી તેમજ નિર્ણાયકોનાં હસ્તે પ્રમાણપત્રો અને પુરકાર એનાયત કરવામાં આવેલ હતા. તમામ સ્પર્ધકો અને મહેમાનોને સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા નાસ્તો કરાવવામાં આવેલ હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.જે.દામોદર દ્વારા કરવામાં આવેલ હતું તેમજ શાહ એચ.ડી.હાઈસ્કૂલનો તમામ સ્ટાફ, બી.જી.બાંભણીયા, ડી.એચ.સોલંકી, વી.જે. મહાકાળ તેમજ ગાંધી કન્યા સ્કૂલના મિલાપ નિમાવત કાર્યક્રમને સફળ બનાવવા ખુબજ સારા પ્રયાસો કરેલા હતા. આભારવિધિ શાહ એચ.ડી. હાઈસ્કૂલના આચાર્ય અને યુવા ઉત્સવ કન્વીનર ડો.કે.જે.ગોસ્વામીએ કરી હતી.

## શેર બજાર, ક્રિપ્ટો કરન્સીમાં ખોટ જતા ઉનાના શખ્સાએ ફિનાઈલ પીધું, સારવાર હેઠળ

**ચાર લોકો સામે બળજબરીથી ઉઘરાણી કરી માનસિક ત્રાસ આપવા અંગે ફરીયાદ**

ઉના તા. ૯

ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર ગાયત્રી મંદિર પાછળ રહેતા અને કન્સ્ટ્રકશનનું કામ કરતા શાંતિલાલ મોણપરાના દિકરા મયુરભાઈ શાન્તિભાઈ મોણપરા (ઉ.વ.૪૯) શેર માર્કેટમાં ટ્રેડિંગનું કામ કરતા હતા. જેમાં મોટી ખોટ જતા અને ક્રિપ્ટો કરન્સીનું પણ ટ્રેડિંગ કરતા હોય તેમાં પણ લાખો રૂપિયાની ખોટ જતા રાજકોટના બે લોકોનાં રૂપિયા આપવાના હોય અમિતભાઈ વ્યાસ રે. રાજકોટ, રવિભાઈ મારકણાં રે. રાજકોટ વાળાને બાર લાખ રૂપિયાનું દેવું થઈ ગયેલ અને વારંવાર ઉઘરાણી કરતા હોય, રાજકોટના સલીમભાઈ બજરંગ વાડી વચ્ચે પડી પાંચ લાખ રૂપિયા આપવાનું નક્કી થયેલ હતું પરંતુ મયુરભાઈ તે રૂપિયા પણ આપી શકે તેમ ના હતા.

મૂળ રાજકોટના હાલ અમદાવાદ રહેતા રાજપાલભાઈ પણ રૂપિયા પાંચ લાખ ક્રિપ્ટો કરન્સીનાં ટ્રેડિંગના માંગતા હોય, આરોપી રવિભાઈ મારકણાં અને સલીમ બજરંગવાડી રે.રાજકોટ વાળા અવાર-નવાર રૂપિયાની ઉઘરાણીના ફોન કરતાં ધમકી આપતા અને આરોપી ૨, ૩ અલગ - અલગ રીતે ઊના ઘરે આવી રૂપિયાની ઉઘરાણી કરતા હોય, મયુરભાઈ ચારે બાજુથી ફસાઈ ગયા હોય રૂપિયા ના હોય અને ખોટ ગઈ હોય અંતે કંટાળી જઈ ગત બુધવારે સાંજે ઊના વેરાવળ રોડ ઉપર આવેલ કોલેજ પાસે બાકડા ઉપર બેસી જીંદગીનો અંત લાવવા ફિનાઈલની બોટલ પી જઈ દશથી વધુ ઊંઘની ગોળી ખાઈ લેતા તબિયત બગાડતા પ્રથમ ઊના સરકારી હોસ્પિટલે અને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા અને મયુરભાઈ ભાનમાં આવતા તેમણે રૂપિયાની ઉઘરાણી કરતા ચાર લોકો સામે માનસિક ત્રાસ અને મરવા મજબૂર કર્યા અંગે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે પોલીસે નવા કાયદા બી.એન. એસ.૩૦૮(૪), ૩૫૧મુજબ ગુનો દાખલ કરી પી. એસ.આઈ. આર.એચ. સુવા તપાસ કરી રહયા છે.

### આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું


## આંખના કોન્ટેક્ટ લેન્સનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતમાં બને છે

**આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ફાર્માટેક અને લેબ ટેક એક્ષ્પોનો પ્રારંભ કરાવ્યો**

ગાંધીનગર, તા.૯

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે હેલીપેડ પ્રદર્શન ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે ૧૭મા ફાર્માટેક એક્સ્પો અને લેબટેક એક્ષ્પોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બંને મંત્રીએ એકસપોનો શુભારંભ કરીને પ્રદર્શનોની મુલાકાત લીધી હતી. ૮ ઓગસ્ટથી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનાર આ ત્રિદિવસીય ફાર્માટેક એક્ષ્પો અને લેબટેક એક્ષ્પોની ૧૭મી આવૃત્તિનું થીમ નવીનતા, ટેકનોલોજી અને નોલેજ-શેરિંગને સમર્પિત છે.

મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફાર્મા ટેકનોલોજી ઈન્ડેક્સ.કોમ દ્વારા ડ્રગ માર્કેટિંગ એન્ડ મેન્યુફેકચરિંગ એસોસિએશનના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ ફાર્મા મશીનરી, લેબ, વિશ્લેષણાત્મક અને પેકેજિંગ સાધનોને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ એક્ષ્પોમાં વિવિધ આફ્રિકન દેશોના ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગપતિઓએ પણ ભાગ લીધો છે. ગુજરાતમાં નવીન શોધ અને રોકાણની વધુ



તકો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગ સાહસિકોને વિવિધ મંજૂરીઓ આપવામાં ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. જેના પરિણામે ફાર્મા ઉદ્યોગને રાજયમાં વેગ મળ્યો છે.ગુજરાતમાં ફાર્માટેક એક્ષ્પો અને લેબટેક એક્ષ્પોના આયોજનથી ઉદ્યોગ સાહસિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.દેશમાં હૃદયના રોગ માટે વપરાતા સ્ટેન્ટનું અંદાજિત ૫૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થઈ રહ્યું છે.આંખમાં જે લેન્સ વપરાય છે જેનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતમાં બને છે.

અંગોલા, બુર્કિના ફાસો, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઈથોપિયા, ઘાના, મોઝામ્બિક અને નામીબિયાના આફ્રિકન દેશો ખરીદદારો ભારતીય પ્રદર્શકો સાથે સહભાગી થયા છે. આ મીટનો ઉદ્દેશ્ય બજારની પહોંચને વિસ્તૃત કરવાનો અને ખરીદદારો અને વિક્રેતા બંને માટે મૂલ્યવાન તકો ઊભી કરવાનો છે આ એક્ષ્પોમાં નો મુખ્ય ઉદેશ છે.

ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ૨૫ હજાર ચોરસ મીટર વિસ્તારમાં યોજાયેલ આ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. જેનો નાગરિકોને બહુધા પ્રમાણમાં લાભ લેવા મંત્રીએ અનુરોધ કર્યો હતો. આ વર્ષના એક્ષ્પોમાં બે નવા વિશિષ્ટ પેવેલિયન રજૂ કરાયા છે. જેમાં પમ્પ્સ, વાલ્વ, પાઈપ્સ અને ફિટિંગ્સ, ફાર્માસ્યુટિકલ ઉત્પાદનના આવશ્યક કોમ્પોનેન્ટ્સમાં નવીનતમ પ્રગતિ અને નવીનતાઓ અને ફોર્મ્યુલેશન, ન્યુટ્રાસ્યુટિકલ્સ, કોસ્મેટિકસ, છૌં, રસાયણો, ઘટકો, અને ફ્રેગરન્સ જેવા વિષયોને આવરી લેવાયા છે.

## રવિવારે નાની શીતળા સાતમ

તારીખ ૯ ઓગસ્ટ શુક્રવારે નાની નાગ પાંચમ છે. શનિવારે નાની રાંધણ છઠ્ઠ તથા આ વર્ષે સાતમની બે તિથિ છે પરંતુ સોમવારે સાતમ સવારના ૮વાગ્યા સુધી જ છે. એટલે પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે નાની શીતળા સાતમ તા.૧૧ ઓગસ્ટ ને રવિવારે ગણાશે.

જ્યારે બીજા આવનારા તહેવારોને વિગત જોઈએ તો તા.૧૬ ઓગસ્ટ શુક્રવારે પુત્રદા એકાદશી, તા.૧૯ ઓગસ્ટ સોમવારે રક્ષાબંધન, તા.૨૨ ઓગસ્ટ ગુરૂવારે બોળચોથ, તા. ૨૩ ઓગસ્ટ શુક્રવારે નાગ પાંચમ, તા. ૨૪ ઓગસ્ટ શનિવારે રાંધણ છઠ્ઠ, તા.૨૫ ઓગસ્ટ રવિવારે શીતળા સાતમ, તા.૨૪ ઓગસ્ટ સોમવારે જન્માષ્ટમી છે. જયારે ૩ સપ્ટેમ્બર ને મંગળવારે શ્રાવણ મહિનાની પૂર્ણાહુતિ છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી



આખો શ્રાવણ માસ ઉપવાસ કરશો તોય તમે કરેલા પાપ નહીં જ ધોવાય!



લોકોને એજ ખબર નહિં પડે કે મોંઘવારીના કારણે દાઢી વધારી છે કે શ્રાવણ માસના કારણે?

# આઝાદીના ૭૭ વર્ષ પૂર્ણ થવાના ગૌરવમય અવસરે જાગૃત નાગરિક તરીકે આપણા રાષ્ટ્રધ્વજનો આદર જળવાય તેની જવાબદારી આપણા સૌની છે

## શું છે ભારતીય ધ્વજ સંહિતા ? ચાલો જાણીએ હર ઘર તિરંગા અભિયાન અન્વયે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનાં



સ્વાતંત્ર પર્વ નિમિત્તે રાજયભરમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આઝાદીના ૭૭ વર્ષ પૂર્ણ થવાના ગૌરવમય અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશના તમામ નાગરિકોને આ મહા અભિયાનમાં જોડાવા માટે આહવાન કર્યું છે. આપણો તિરંગો આપણું ગૌરવ છે ત્યારે જાગૃત નાગરિક તરીકે આપણા રાષ્ટ્રધ્વજનો આદર જળવાય તેની જવાબદારી આપણા સૌની છે. તો ચાલો આજે વાત કરીએ રાષ્ટ્રધ્વજના કદ, તેને ફરકાવવાના સમય સહિતની બાબતો માટે અમલી ભારતીય ધ્વજ સંહિતા વિશે. "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૪માં ઘર, દુકાન, ખાનગી કચેરી, સરકારી કચેરી, ઓફિસ, પેટ્રોલપંપ, હોટેલ, બસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, રેલવે સ્ટેશન, શાળાઓ, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા સહિતના વિવિધ સ્થળોએ તિરંગા લગાવવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા-૨૦૦૨માં રાષ્ટ્રધ્વજ અંગે ચોક્કસ પ્રકારની સંહિતા ઘડવામાં આવી છે. રાષ્ટ્રધ્વજનું કદ, તેને ફરકાવવા માટેની પ્રણાલી અને સમય, ક્ષતિગ્રસ્ત ધ્વજના નિકાલની વ્યવસ્થાના નિયમોનો તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નોંધપાત્ર છે કે, કેન્દ્ર સરકાર દ્વારા "હર ઘર તિરંગા" અભિયાનના સંદર્ભમાં રાષ્ટ્રધ્વજને ફરકાવવા માટેના સમયના નિયમમાં વર્ષ ૨૦૨૨માં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ નિયમોમાં ફેરફાર થવાને કારણે હવે દેશના નાગરિકો જાહેર સ્થળોએ તથા ઘરમાં દિવસ અને રાતે પણ રાષ્ટ્રધ્વજને ફરકાવી રાખી શકાશે. આ સુધારા પૂર્વેના નિયમની વાત કરીએ તો રાષ્ટ્રધ્વજને સંધ્યા સમયે સન્માન સાથે ઉતારી લેવામાં આવતો હતો. ઉપરાંત રાષ્ટ્રીય ધ્વજને લંબચોરસ રાખવો ફરજિયાત છે. તેના કદનું ચોક્કસ પ્રમાણ જાળવવું પડે છે. લંબાઈ અને પહોળાઈનું પ્રમાણ ૩ અને ૨ના ગુણાંકમાં હોવું જોઈએ. ક્ષતિગ્રસ્ત એટલે કે ફાટેલો કે તૂટી ગયેલો ધ્વજ ફરકાવવો જોઈએ નહીં. ફાટી ગયેલો ધ્વજ તુરંત ઉતારી લેવો જોઈએ. નિયમ મુજબ રાષ્ટ્રધ્વજ બનાવવા માટે હાથશાળ, હાથવણાટ કે મશીન દ્વારા કોટન, પોલીએસ્ટર, ઉન કે સિલ્ક ખાદીનો ઉપયોગ કરવાનો રહે છે. આ નિયમમાં ૨૦૨૧માં સુધારા મુજબ મશીન દ્વારા નિર્મિત પોલીએસ્ટરના રાષ્ટ્રધ્વજને પણ મંજૂરી આપવામાં આવી છે. રાષ્ટ્રધ્વજને શણગાર, ગણવેશ, એસેસરીઝના સાધન તરીકે ઉપયોગમાં લઈ શકાય નહિ. કોઈપણ વસ્તુને વીટાંળી શકાતો નથી. નિયત કરાયેલા મહાનુભાવોની કારની આગળ જ રાષ્ટ્રધ્વજ લગાવી શકાય છે. તો ચાલો રાષ્ટ્રધ્વજ સંહિતામાં ઉલ્લેખિત આ નિયમોને અનુસરી આન બાન અને શાન સાથે "હર ઘર તિરંગા" અભિયાનમાં જોડાઈએ.

**આલેખન : દ્રષ્ટિ નથવાણી**

# માંગરોળ : કચરાના નિકાલ માટે શેરીયાજ ગામે ગૌચરની જમીન ફાળવાતા વિરોધ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૯

માંગરોળ નગરપાલિકા અને વહિવટી તંત્ર માટે ઘન કચરાના નિકાલનો લાંબા સમયથી પેચીદો બનેલો પ્રશ્ન વધુ ગુંચવાય તેવી શક્યતા છે. શહેરભરના એકત્ર થતાં કચરાના નિકાલ માટે શેરીયાજ ગામે ગૌચરની જમીન ફાળવવા તંત્ર દ્વારા થઈ રહેલી કાર્યવાહી સામે ગ્રામજનોમાં વિરોધ ઉઠ્યો છે. આ મામલે એક મિટીંગ પણ મળી હતી. જેમાં શહેરી વિસ્તારના ઉકરડા, ગંદકી અહીં કોઈ કાળે ઠાલવવા ન દેવાનો સુર વ્યક્ત કરાયો હતો. શહેર તેમજ બંદર વિસ્તાર મળી માંગરોળનો દૈનિક આશરે ૧૮ ટન જેટલો કચરો એકત્ર થાય છે. તંત્ર દ્વારા આ કચરો ઠાલવવા જે તે સમયે ઉધોગ નગર, બંદર વિસ્તાર, મકતુપુર સહિતની જગ્યાઓ નિયત કરવામાં આવી હતી. જ્યાં ગંદકી અને સ્વાસ્થ્યને લઈ લોકોમાં ઉઠેલા તીવ્ર આક્રોશ બાદ આ જગ્યાઓ પડતી મુકવા ફરજ પડી હતી. દરમ્યાન કચરાના નિકાલ માટે ત્રણેક હજારની વસ્તી ધરાવતા શેરીયાજ ગામના ગૌચરના સર્વે નં.૩૪૪ પૈકીની જમીન ફાળવવા તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવતા ગ્રામજનોમાં રોષ ઉઠ્યો છે. પૂર્વ સરપંચ જેઠાભાઈ ચુડાસમાની આગેવાની હેઠળ આગેવાનો, ગ્રામજનોની એક બેઠક પણ મળી હતી. જેમાં ઘન કચરાના પ્રશ્ને જરૂર પડ્યે ઉગ્ર લડત આપવા નક્કી કરાયું હતું. આ સંબંધે ડે.કલેકટર સહિતનાને હકીકતો સાથે કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે ૨૦૧૨ની પશુધનની ગણતરી મુજબ શેરીયાજ ગામે પશુઓની સંખ્યા ૨૬૨૦ છે. જમીન ગૌચર તથા તેના વપરાશ અંગેના અધિ. મુજબ ૧૦૦ પશુ માટે ૪૦ એકર ગૌચર જમીન એટલે કે ૧૬ હેકટર જમીન ગૌચર માટે અનામત રાખવાની જોગવાઈ છે. પશુઓની સંખ્યા મુજબ ૪૧૬ હેકટર જમીન અનામત રાખવાની થાય છે. જયારે ગામમાં ગૌચરના કુલ ૧૮ સર્વે નંબરોની તમામ જમીન ૧૯૫ હેકટર થતી હોય, નિયમ મુજબ સુસંગત નથી. વધુમાં ૧૯૭૫માં નવું ગામતળ મંજૂર થયા બાદ ૫૦ વર્ષથી ગામતળ વધારવા મંજૂરી આપવામાં આવી નથી. ૨૦૧૯માં નવા ગામતળ માટે સરકારમાં કરવામાં આવેલી દરખાસ્ત, ગૌચરની જમીન હોવાથી નામંજૂર કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શેરીયાજ ગામે ૨૭૦ જેટલા અરજદારોના મકાનો મંજૂર થયા છે. પરંતુ તેઓને પ્લોટની જગ્યા ફાળવી શકાય તેમ નથી. વધુમાં માંગરોળ તળપદમાં ગૌચરની ૩૪ સર્વે નંબર વાળી તથા સર્વે નં.૧૬૫૪માં ૨૦૦ હેકટર જમીન છે. આ જમીનો હાલ દબાણ હેઠળ છે. તો ઘન કચરાના નિકાલ માટે તેના ઉપરના દબાણો કેમ ખુલ્લા કરાવાતા નથી? તેવો પણ પ્રશ્ન ઉઠાવ્યો છે.

# જૂનાગઢમાં મફત નાસ્તો લઈ જતા શખ્સ પાસે પૈસા માંગતા છરી બતાવી ૨ હજારની લુંટ કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના કાળવા ચોક વિસ્તારમાં અવાર નવાર મફત ગાંઠીયા લઈ જતા શખ્સ પાસે વેપારીએ પૈસા માંગતા છરી બતાવી ૨ હજારની લુંટ કર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે પ્રકાશભાઈ મોહનભાઈ ઝાલાએ પ્રતાપ ઉર્ફે બેરો બાબુભાઈ સોમાણી રહે.પ્રદીપ ખાડીયા વિસ્તારવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીની જુનાગઢ કાળવા ચોકમા આવેલ ભુમી ફરસાણ તથા પાન નામની દુકાને અવાર નવાર જઈ ફરીયાદીને મારી નાખવાની ધમકી આપી બળજબરીથી ગાઠીયા તથા અન્ય નાસ્તો લઈ જઈ તેના રૂપીયા નહી આપી તથા ફરીયાદીને પેટે પ્રાણઘાતક હથીયાર છરી રાખી ફરીયાદીને જેમફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરી.ના ખીસ્સામાં રહેલ ધંધાના રૂપીયા ૨૦૦૦ની લુંટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં અરજી પરત ખેંચી લેવા ધમકી આપતા યુવાને ઝેરી દવા પી લેતા મોત : ૪ સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતા યુવાનને અરજી પરત ખેંચી લેવા બાબતે ધમકી આપતા યુવાને ઝેરી દવા પી મોતને વ્હાલુ કરી લેતા ૪ સામે મરવા મજબુર કર્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેમુદાબેન ઈબ્રાહીમભાઈ સીડાએ અસરફ અનવર બ્લોચ, સદામ બોદુ બ્લોચ, કાસી, જીપુડો દરબાર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરિયાદીના મૃતક દિકરા અરમાન (ઉ.વ.૨૩)વાળાને આરોપી અસરફ અનવર બ્લોચ, સદામ બોદુ બ્લોચ અને કાસી જુગાર રમાડતા મૃતક અરમાન રૂા. ૧,૧૦,૦૦૦/- હારી ગયેલ હોય જેની જાણ મૃતકે ફરીયાદીને કરતા ફરીયાદી બનાવ અંગે પોલીસમાં અરજી કરેલ હોય, જેથી આરોપીઓ અસરફ અનવર બ્લોચ, સદામ બોદુ બ્લોચ અને કાસીએ રૂબરૂ બોલાવી ફરીયાદીએ કરેલ અરજી બાબતે મનદુખ રાખી ધાક ધમકી આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમજ આરોપી જીપુડો દરબો મૃતકને ફોન કરી ધમકાવેલ. આમ આ આરોપીઓએ રૂબરૂ તથા ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમંકીઓ આપતા અરમાન આરોપીઓના ત્રાસના કારણે તા.૧૭ના રોજ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન તા.૧૮ના રોજ તેનું મોત થતા આરોપીઓએ મૃતક અરમાનને મરવા મજબુર કર્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ સરવૈયાએ હાથ ધરી છે.

# માંગરોળ તાલુકાના લોએજ ગામે નંદાણિયા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૯

માંગરોળ તાલુકાના લોએજ ગામમાં તા.૮-૮-૨૦૨૪ને ગુરૂવાર, શ્રાવણ સુદ ચતુર્થીના રોજ સ્વ.સવધિબેન ગોવિંદભાઈ નંદાણિયા(ઉ.વ.૭૫)નું દુઃખદ અવસાન થયેલ છે. જેઓ જેઠાભાઈ ગોવિંદભાઈ નંદાણિયા તેમજ રામભાઈ ગોવિંદભાઈ નંદાણિયાના માતૃશ્રી થાય છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.સવધિબેનના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી લોએજ ગામના વતની ધર્મેશભાઈ ચાંડેરાએ શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીને જાણ કરતા, શીલ P.H.C. સેન્ટરના ગોવિંદભાઈ વાળાએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને અરૂણભાઈ સોલંકી અને હસમુખભાઈ સોલંકી દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આ ચક્ષુદાનનો સ્વિકાર મોહિતભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યો હતો. આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. નંદાણિયા પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે



તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ. સવધિબેનને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

# રાષ્ટ્રીય પરશુરામ સેનાના પદાધિકારીઓનું અભિવાદન સમારોહ સફળતા પૂર્વક સંપન્ન



જામનગર તા.૯

બ્રહ્મ કર્તવ્ય અને બ્રહ્મસમાજના સેવાકીય કાર્યોનાં ઉત્થાન અર્થે સમાજ ઉપયોગી પ્રવૃતિ અને બ્રાહ્મણોનું સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પરિપૂર્ણ કરવા અર્થે રાષ્ટ્રીય પરશુરામ સેના રાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે ત્યારે બચત અને રોકાણ સંદર્ભે મૂળભૂત મુદ્દાઓ ક્યાં ધ્યાનમાં લેવા એ અંગેનો એક જાગૃતિ કાર્યક્રમ તેમજ ગુજરાતમાં પદાધિકારીઓના અભિવાદન સમારોહનું રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા હોટેલ કલાતિક - જામનગર ખાતે સફળ કાર્યક્રમ યોજવામાં આવેલ.

વેરાવળ સોમનાથના યુવા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆતે અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય સલાહકાર નિખિલભાઈ ભટ્ટ તેમજ આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી ત્યાર બાદ સંગઠનની સંરચનાના ભાગરૂપે બ્રહ્મઅગ્રણી અજયભાઈ જાની, ડી. કે. ભટ્ટ, જીટીપીએલ જામનગર એડિટર જયેરાભાઈ રૂપારેલીયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નરેન્દ્ર પારાશર, ગુજરાત મહિલા અધ્યક્ષ આશાબેન જોશી, સૌરાષ્ટ્ર મહિલા અદયક્ષ શ્રીમતિ દર્શા જોશી, સૌરાષ્ટ્ર અધ્યક્ષ એન. ડી. ત્રિવેદી દ્વારા નારીશક્તિને વિશેષ પ્રાધચિ પ્રદાન કરી આ તબક્કે સૌરાષ્ટ્ર પ્રભારી મિત્તલ શુક્લા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ અવની ત્રિવેદી, રેખાબેન જોશી દ્વારા સંગઠિત ટીમ જામનગર જિલ્લા અધ્યક્ષ રૂપલ ઠાકર, ઉપાધ્યક્ષ શોભના ત્રિવેદી, કાજલ જોષી, શિલ્પા જોષી, હર્ષાજાની, નીતા વાઢીયા, સચિવ જિસ્મના ત્રિવેદી, ઉપસચિવ ઉર્વી જોષી, ઈલા જાની, હેમા જોષી, વિપુલા ડી. કપટા, મેઘના જોષી, સંગઠન મંત્રી ભાવિકા જોષી, કૃષ્ણા શુકલા, સંગઠન મહામંત્રી ચેતના જોષી, જીજ્ઞાસા ત્રિવેદી, અંતિઠાકર, કારોબારી સદસ્ય લતા ઓઝા, ડો. સ્વાતિ ઓઝા, નયના મેહતા, જાનવી જોષી, વીણા ભટ્ટ, ડો. રાધિકાબેન ત્રિવેદી, નેહા દવે, ડો. નીરૂ દવે, શિલ્પા ભટ્ટ, આશા ભટ્ટ, માલા ઠાકર અને મહિન્દા ત્રિવેદીની નિમણૂક કરવામાં આવેલ છે.

ઉપરાંત, જામનગર શહેર પ્રભારી તરીકે અવની ત્રિવેદી, અધ્યક્ષ રેખાબેન જોષી, ઉપાધ્યક્ષ જયશ્રી જોષી, ભૂમી પંડ્યા, રીના ત્રિવેદી, રાજેશ્વરી ત્રિવેદી, ડો. સોનલ જોષી, સચિવ ભદ્રા રામાં, ઉપસચિવ સુનીતા પુંજાણી, ફાલ્ગુની પાઠક, શિલ્પા જોષી, હીના જોષી, સંગઠન મંત્રી નીલમ વ્યાસ, ખુશી સેના - સૌરાષ્ટ્ર યુવા પાંખના અધ્યક્ષ તરીકે પુરોહિત, સંગઠન મહામંત્રી બીના શાસ્ત્રી, જાગૃતી મહેતા, કૃપાલી રાવલ, કારોબારી સદસ્ય કિર્તી ત્રીવેદી, હેમા ભટ્ટ, નિશા દવે, ગીતા ઠાકર, હર્ષા રાવલ, રક્ષા મહેતા, દીના વ્યાસ, શિવાંગી જોષી, ધર્મિષ્ઠા ઠાકર, શીતલ દવે, કોમલ ત્રિવેદી અને ઉર્મિ ઠાકરની નિમણુંક કરવામાં આવેલ છે.

અતિથિ વિશેષ સેજલબેન ભટ્ટની શુભેચ્છા સંદેશ સાથે આમંત્રિત મહેમાનોમાં કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ, પૂર્વ કોર્પોરેટર હર્ષિદાબેન પંડ્યા, ભાજપ જામનગર સંગઠન મંત્રી મોનિકાબેન વ્યાસ, વોર્ડ પ્રમુખ અલ્કાબેન પંડ્યા, ભારતીબેન પુરોહિત, હોમગાર્ડ મહિલા કમાન્ડરશ્રી પ્રેક્ષાબેન ભટ્ટ તેમજ ડો. પૂર્વીબેન વ્યાસ, નિલેશ ત્રિવેદી તેમજ અમિત બુદ્ધદેવ દ્વારા શુભેચ્છાઓ સાથે કાર્યક્રમના વિશેષ ભાગરૂપે યુવા પાંખની પણ નિમણૂંક કરવામાં આવી જેમાં રાષ્ટ્રીય પરશુરામ સેના સૌરાષ્ટ્ર યુવા પાંખના અધ્યક્ષ તરીકે જીતેન્દ્ર ભટ્ટ, જામનગર યુવા પ્રમુખ બીપીન લુવાણીયા, જામનગર જીલ્લા પ્રમુખ કિર્તી દવે, જામનગર જીલ્લા પ્રભારી ભરતભાઈ પંડયા, સૌરાષ્ટ્ર પ્રભારી કિર્તીભાઈ કલ્યાણી, જામનગર શહેર પ્રભારી હિતેષભાઈ શુકલાની નિમણુંક કરવામાં આવી હતી.તેમ ગુજરાત પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ભાર્ગવભાઈ ઠાકર, પૂનમ દવે, ચાંદનીબેન ઠાકરની યાદી જણાવે છે.

## માંગરોળના શેરીયાજ પટ્ટી વિસ્તારમાં મગરનું બચ્ચું રોડ ઉપર ચડી આવ્યું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૯

માંગરોળના શેરીયાજ પટ્ટી વિસ્તારમાં મગરનું બચ્ચું રોડ ઉપર આવી ચઢતા પગના ભાગે ઈજા પહોંચી હતી. આ અંગે સંજીવની નેચર ફાઉન્ડેશનને જાણ કરાતા સંસ્થાના મનિષભાઈ ચુડાસમા તથા ભરતભાઈ કામળીયા દ્વારા તેને રેસ્કયુ કરી ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યું હતું.

## ઉના તાલુકાના કાજરડી ગામે જુની પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીનીઓને ગુડ ટચ અને બેડ ટચ અંગે સમજ કરી સેમીનાર યોજતી ઉના પોલીસ સ્ટેશન શી-ટીમ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૯

ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણાનાઓની સુચના અને માર્ગદર્શન અન્વયે શી-ટીમના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ આર.એચ.સુવા તથા WPC મનિષાબેન નારણભાઈ તથા WPC હિનાબેન કાળુભાઈ અને PC ધંધાભાઈ લખમણભાઈ વાળાઓએ આજરોજ ઉના પોલીસ સ્ટેશન દ્વારા તા.૮-૮-૨૦૨૪ના રોજ કાજરડી ગામે



જઈ જુની પ્રાથમિક શાળા ખાતે શી-ટીમની કામગીરી કરવામાં આવી હતી તથા કાજરડી જુની પ્રાથમીક શાળાના શિક્ષક સ્ટાફ સાથે મળી ધોરણ ૫ થી ૯ સુધીની બાળાઓને પેમ્ફલેટ/બુકલેટ તથા ડેમો લેક્ચર આપી, ગુડ ટચ અને બેડ ટચ નો સેમીનાર કરી બાળકીઓમાં જાગ્રુત્તિ આવે તે હેતુથી ગુડ ટચ અને બેડ ટચ અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.

## મેંદરડાના આલીધ્રા નજીકથી જાહેરમાં જુગાર રમતા ૫ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર)

મેંદરડા તા.૯

મેંદરડા તાલુકાના આલીધ્રા ગામ નજીક જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સોને મેંદરડા પોલીસે ઝડપી લીધા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસે આલીધ્રા ગામે મીઠાપુર ગામના રોડ ઉપર આવેલ પાણીના ટાંકા નજીકથી જાહેરમાં જુગાર રમતા ચંદુભાઈ ભગવાનજીભાઈ રાખોલીયા, પ્રકાશભાઈ રવજીભાઈ માળવીયા, મૌલીકભાઈ છગનભાઈ રાજાણી, વિનોદભાઈ હરજીવનભાઈ ફળદુ, હર્ષદભાઈ કિશોરભાઈ મકવાણાને રૂા.૧૧૧૬૦ના મુદામાલ સાથે ઝડપી મેંદરડા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા ૨૦મો સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા તા.૧૧-૮-૨૪ રવિવારના રોજ કૈલાશ પાર્ટી પ્લોટ ખલીલપુર રોડ જૂનાગઢ ખાતે સવારે ૮:૩૦ કલાકે ધો-૧૦ અને ધો-૧૨ના તેજસ્વી તારલાઓ, સમાજના વિશિષ્ટ પ્રતિભાઓ અને નિવૃત અધિકારી/કર્મચારીઓનું ૨૦મો સન્માન સમારોહ આણંદ કૃષિ યુનિ.ના કુલપ્રતિ ડો.કે.બી. કથીરીયાના અધ્યક્ષ સ્થાને તેમજ કાર્યક્રમના ઉધ્ધાટક ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, શ્રી ખોડલધામના ટ્રસ્ટી ડો. જી. કે. ગજેરા, ભાજપ જીલ્લા પ્રમુખ કીરીટભાઈ પટેલ, કુલપ્રતિ ડો. વી. પી. ચોવટીયા, જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર તેમજ સમાજ શ્રેષ્ઠીઓ, આમંત્રીત પોલીસ અધિકારીઓ કર્મચારીઓ અને વાલીઓની હાજરીમાં સંમ્પન્ન થશે.

# જૂનાગઢ સિવિલમાં દર્દીના સંબંધીને માર મારનાર ત્રણ સિકયુરીટી કર્મચારીઓ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીના સંબંધીને માર મારનાર ત્રણ સિકયુરીટી કર્મચારીઓ વિરૂધ્ધ એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મુળ મધ્યપ્રદેશના અને હાલ રાજકોટ રહેતા સુવાનભાઈ બાપુભાઈ વસુનીયાએ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ત્રણ સિકયુરીટી ગાર્ડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીની દિકરી મદુબેન જુનાગઢ સરકારી દવાખાનામાં સારવારમાં દાખલ કરેલ હોય, જેથી સાહેદ જુવાનસિંહ ફરીયાદીની દિકરી પાસે વોર્ડની અંદર જતા હતા ત્યારે ત્રણ સીકયુરીટી વાળાઓ ફરીયાદી તથા સાહેદ જુવાનસિંહ સાથે ઝગડો કરી ગાળો કાઢી લાકડીથી શરીરે માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં,**
**તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ**

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૭૧/૨૦૨૪

**:: જાહેર નોટીસ ::**

પ્રતિ,
શ્રી બાબુભાઈ ભોવાનભાઈ સીદપરા
રહે : બાલસનગર-૧, ગરબી ચોક,
જોષીપરા, જૂનાગઢ.... ..... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલીકા, જૂનાગઢ
તા. જૂનાગઢ (શહેર) જીલ્લો-જૂનાગઢ ..... પ્રતિવાદી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી બાબુભાઈ ભોવાનભાઈ સીદપરાના માતા મોંઘીબેન ભોવાનભાઈ સીદપરા કે જેઓનું તા.૨૧-૦૮-૧૯૯૪ના રોજ જોષીપરા જૂનાગઢ મુકામે અવસાન થયેલ, પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીએ કરવાની રહી ગયેલ હોય, મરણ નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૮, માહેઃ ઓગષ્ટ-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



૯ ઓગસ્ટ, ૨૦૨૪

# વિશ્વ આદિવાસી દિવસ

## આદિજાતિ બાંધવોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ



**આદિજાતિ પરિવારનાં સપનાં થશે સાકાર, આ છે પ્રગતિશીલ સરકારનો નિર્ધાર**

આ ઉજવણી રાજ્યના ૨૭ સ્થળો પર કરાશે.
જેમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે યોજાશે. જેનું જીવંત પ્રસારણમાં રાજ્યના ૨૬ સ્થળોએ કરાશે.



### સર્વાંગી વિકાસના મળ્યાં ઉમદા પરિણામ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ ₹૧.૦૬ લાખ કરોડના ખર્ચથી આદિજાતિ સમુદાય અને વિસ્તારોનો સર્વાંગી વિકાસ થયો, વનબંધુ કલ્યાણ યોજના-૨ માટે ₹૧ લાખ કરોડનું આયોજન. જેમાં છેલ્લા ૪ વર્ષમાં ₹૬૯,૮૮૦ કરોડની જોગવાઈ.



### ડેરી ઉદ્યોગ બન્યો રોજગારીનું માધ્યમ

સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત યુનિટ કોસ્ટ ₹૭૦,૦૦૦ થી વધારી ₹૯૦,૦૦૦ કરવામાં આવી, જેથી લાભાર્થીઓને પશુદીઠ મળતી સહાય (સબસિડી) ₹૪૫,૦૦૦થી વધી ₹૫૮,૦૦૦ થઈ



### રાજ્યના સરહદી ગામોનો વિકાસ

મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજનાના અંતર્ગત સહાયમાં વધારો કરી ₹૧૦૦ કરોડ કરવામાં આવી, વર્ષ ૨૦૨૩-૨૪માં બોર્ડર પાસેના ગામોના વિકાસ માટે ૩૦૭૧ કામોને મંજૂરી



### PM-JANMAN અભિયાન

આ અભિયાન હેઠળ આદિમજૂથના વિસ્તાર માટેની ખૂટતી પાયાની જરૂરિયાત અને વ્યક્તિગત યોજનાઓ હેઠળ આવાસ, આંગણવાડી, પેટા આરોગ્ય કેન્દ્ર, વીજ જોડાણ, આયુષ્માન કાર્ડ વગેરેના લાભ માટે મિશન મોડ પર કામગીરી



### હળપતિ સમુદાયના સર્વાંગી વિકાસના પ્રયાસ

મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાનું પુનઃ ગઠન કરી જોગવાઈમાં વધારો કરી ₹૬૫.૭૧ કરોડ કરવામાં આવી, જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૭૩૦ વિકાસ કામોને મંજૂરી મળતા હળપતિ સર્વાંગી વિકાસને મળશે વેગ



### છાત્ર શિક્ષણ સહાયમાં વૃદ્ધિ

વર્ષ ૨૦૨૨-૨૩થી છાત્ર દીઠ સહાયમાં ₹૬૬૦નો વધારો કરવામાં આવ્યો, ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યો લાભ.



**આદિજાતિ બાંધવો માટે નવી પહેલ**

આદિજાતિ લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને, લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી ગુડ ગવર્નન્સના ઉપક્રમે https://dsagsahay.gujarat.gov.in પોર્ટલ કાર્યાન્વિત

વધુ વિગતો માટે QR સ્કેન કરો
યોજનાનો લાભ મેળવો

**તારીખઃ** ૯ ઑગસ્ટ, ૨૦૨૪, શુક્રવાર | **સમયઃ** સવારે ૧૦:૦૦ વાગે
**સ્થળઃ** આર્ડેક્તા ઈન્સ્ટિટ્યૂટ, નવી મેત્રા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.

## આદિજાતિના ઉત્કર્ષ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર